


# ન્યુઝ 4 કચ્છ
‘વાત કચ્છીયતની’

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૧૧ તા.૨૫.૦૭.૨૦૨૪, ગુરુવાર પાનાઃ ૪ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 11 Dt. 25-07-2024, Thursday Page : 4 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**
હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે

# અગ્નિવીરોને નિવૃત્તિ પછી નોકરીઓમાં ૧૦ ટકા અનામત

**ગૃહ મંત્રાલયે બુધવારે લીધેલા નિર્ણયમાં માહિતી આપી છે કે બીએસએફ અને સીઆઈએસએફમાં વિવિધ પદો માટેની ભરતીમાં નિવૃત્ત અગ્નિવીરોને છૂટછાટ આપવામાં આવશે જેથી ભૂતપૂર્વ અગ્નિવીરોને નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે.**

નવી દિલ્હી, તા.૨૪

એક તરફ સરકારની અગ્નીવીર યોજનાને લઈને હજુ પણ દેશમાં વિવાદ ચાલી રહ્યો છે વિપક્ષ સતત આ યોજનાને લઈને વિરોધ કરતી આવી છે તે વચ્ચે સરકાર આ યોજના માટે મક્કમ છે. ત્યારે બુધવારે કેન્દ્ર સરકારે અગ્નિવીરોના સંબંધમાં એક મોટો નિર્ણય લેતાં બીએસએફ અને સીઆઈએસએ-ફમાં ૧૦ ટકા અનામત આપવાનું એલાન કર્યું છે. ગૃહ મંત્રાલયે બુધવારે આ મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે માહિતી આપી છે કે ભૂતપૂર્વ અગ્નિવીરોને બીએસએફ,સીઆઈએસએફની નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે. બીએસએફ ના પ્રવક્તાએ કહ્યું કે અગ્નિવીર ૪ વર્ષની મહેનત બાદ તૈયાર થાય છે અને આવા સૈનિકોને સેનામાં લેવા ખૂબ સારા છે.અગ્નિવીર યોજનાનો લાભ તમામ દળોને મળશે.થોડી તાલીમ પછી જ તેમને મોરચા પર તૈનાત કરી શકાય છે. અધિકારીએ જણાવ્યુ કે અગ્નિવીર માટે ૧૦ ટકા આરક્ષણ આપીશું અને તેમને વય મર્યાદામાં પણ છૂટ આપવામાં આવશે. તેમણે કહ્યું કે અમે ફાયર વોરિયર્સની રાહ જોઈ રહ્યા છીએ. અગ્નિવીરોની પ્રથમ બેચને ૫ વર્ષની વયમાં છૂટછાટ મળશે. ત્યાર પછીની બેચને ૩ વર્ષની છૂટ આપવામાં આવશે. અગ્નિપથ યોજના જૂન ૨૦૨૨માં શરૂ કરવામાં આવી હતી. કોવિડ-૧૯ના કારણે સૈન્યમાં ભરતી બે વર્ષ માટે બંધ કરવામાં આવી હતી, ત્યારબાદ આ યોજના શરૂ થઈ હતી.આ અંતર્ગત યુવાનોને તાલીમ બાદ ચાર વર્ષ સુધી સેનામાં સામેલ કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, તેમને દર મહિને ૩૦,૦૦૦ રૂપિયાનો પ્રારંભિક પગાર મળે છે, જે ચોથા વર્ષ સુધીમાં વધીને ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના થઈ જાય છે. ચાર વર્ષ પછી, અગ્નિવીરને ‘સેના નિધિ પેકેજ’ તરીકે ૧૨ લાખ રૂપિયા મળે છે.

દળો તેમની જરૂરિયાત મુજબ ૨૫% અગ્નિવીર ને પણ જાળવી શકે છે. સામાન્ય સૈનિક અને અગ્નિવીર વચ્ચે સૌથી મોટો તફાવત એ છે કે નિયમિત સૈનિકને પેન્શન મળે છે, પરંતુ અગ્નિવીરને ચાર વર્ષ પછી કોઈ પેન્શન મળતું નથી. સંરક્ષણ બજેટ-નો લગભગ એક ચતુર્થાંશ ભાગ પેન્શન પર ખર્ચવામાં આવે છે. અગ્નિપથ યોજના દ્વારા આવા ખર્ચમાં ઘટાડો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં ખાલી પડેલી જગ્યાઓ વિશે માહિતી પણ આપી હતી. તેમણે કહ્યું હતું કે સીએપીએફ અને આસામ રાઈફલ્સમાં પહેલી જુલાઈ, ૨૦૨૪ સુધી ખાલી જગ્યાઓની સંખ્યા ૮૪,૧૦૬ છે, બંનેમાં કુલ ૧૦,૪૫,૭૫૧ પોસ્ટની સંખ્યા મંજૂર કરાયેલી છે. એપ્રિલ, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૪ની વચ્ચે ૬૭,૩૪૫ અગ્નિવીરો ની ભરતી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ અગ્નિવીરોને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ) અને સીઆરપીએફ ની ભરતીઓમાં ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો હતો. એસએસબી એ ભરતીના નિયમોમાં ફેરફાર કરીને બળમાં નિમણૂક માટે ભૂતપૂર્વ ફાયર વેટરન્સને વય અને શારીરિક કાર્યક્ષમતા કસોટીમાં છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. એસએસબીના ડાયરેક્ટર જનરલે કહ્યું કે આ નિર્ણય લાખો ભૂતપૂર્વ ફાયર વેટરન્સ અને દળોને પ્રશિક્ષિત માનવબળને આજીવિકા પ્રદાન કરશે.

## જમ્મુ-કાશ્મીરમાં વધુ બે જવાન શહીદ,એક આતંકી ઠાર

જમ્મુ-કાશ્મીરમાં આંતકીઓ અને સૈના વચ્ચે અથળામણ યથાવત છે. તેવામાં સામે-સામે ગોળીબારમાં બે દિવસમાં વધુ બે જવાનો શહીદ થયા છે. જ્યારે એક આંતકી ઠાર મરાયો છે. જમ્મુ-કાશ્મીરના કુપવાડા માં બુધવારે સવારે સેનાએ એક આતંકીને ઠાર કર્યો છે. સેનાએ કહ્યું કે મંગળવારે કુપવાડા ના કોવુતમાં ૨-૩ આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન બુધવારે સવારે આતંકીઓએ જવાનો પર ગોળીબાર કર્યો હતો. આ પછી એક્રાઉન્ટર શરૂ થયું હતુ.મંગળવારે સેના અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં લાન્સ નાઈક સુભાષ કુમાર ઘાયલ થયા હતા. જેનુ સારવાર દરમિયાન મોત થયુ હતુ.બુધવારે થયેલા એક્રાઉન્ટરમાં એક જવાન શહીદ થયો છે.કુપવાડમાં ૫ દિવસમાં ૫ આતંકવાદીઓ માર્યા ગયા છે. બુધવારે સવારે આતંકીઓએ જવાનો પર ગોળીબાર કર્યો હતો. આ પછી એક્રાઉન્ટર શરૂ થયું હતુ જમ્મુ ક્ષેત્રમાં, પાકિસ્તાન તરફી આતંકવાદી સંગઠનો જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાનું સ્થાનિક નેટવર્ક, જેને ૨૦ વર્ષ પહેલાં સેના દ્વારા સખત રીતે નિષ્ક્રિય કરવામાં આવ્યું હતું,

તે ફરીથી સંપૂર્ણ તાકાત સાથે સક્રિય થયું છે. જેને પગલે સતત આ વિસ્તારમાં તણાવ વધી રહ્યો છે. સૈનાએ અત્યાર સુધીનુ સૌથી મોટુ ઓપરેશન લોન્ચ કર્યુ છે. જે હજુ યથાવત છે.

**ઇન્ડીયા ગઠબંધને બજેટ મુદ્દે સરકાર પર ગંભીર આરોપ મુક્યા હતા અને માત્ર સાથી પક્ષોને ખુશ કરતા બજેટની વાત કરી વોકઆઉટ કર્યુ હતુ બીજી તરફ અધ્યક્ષ વોકઆઉટથી નારાજ થયા હતા ઇન્ડીયા ગઠબંધન પક્ષોએ સદન બહાર ભારે હોબાળો મચાવ્યો હતો. જો કે બજેટ પર નાણામંત્રીએ આક્ષેપને નકાર્યા હતા તો અગ્નીવીર સહિતના મુદ્દે પણ સરકારે જવાબો આપ્યા હતા**

# બજેટ પર બબાલ : વિપક્ષનુ વોકઆઉટ, અધ્યક્ષ નારાજ થયા

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ રજુ કર્યા બાદ વિપક્ષે બજેટને નકાર્યુ છે.હવે આ મામલે વિપક્ષે આક્રમક વલણ અપનાવતા સંસદની બહારથી લઈને ગૃહમાં અંદર સુધી ભારે હોબાળો મચાવ્યો હતો અને સરકાર પર આરોપ મૂક્યો છે કે મોદી સરકારને ટેકો આપીને સત્તામાં લાવનારા રાજ્યોને જ બજેટમાં પ્રાધાન્ય અપાયું છે અને આંધ્રપ્રદેશ તથા બિહાર જેવા રાજ્યો માટે મોટી મોટી જાહેરાતો કરવામાં આવી. જ્યારે બીજી બાજુ અન્ય રાજ્યો માટે કોઈ વિશેષ જાહેરાતો કરવામાં આવી નથી. આ મામલે હવે વિપક્ષ જોરદાર હોબાળો કર્યો-છે. સંસદ બહાર વિપક્ષે મોટા પાયે દેખાવ કર્યા હતા. વિપક્ષના સાંસદોએ આરોપ મૂક્યો હતો કે બજેટમાં મોદી સરકાર દ્વારા




ભેદભાવ કરાયો છે. આ દેખાવોમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પણ જોડાયા હતા.નાણામંત્રી નિર્મલા સીતારમણે વિપક્ષના આરોપો પર કહ્યું કે બજેટ ભેદભાવપૂર્ણ છે, આ અપમાનજનક આરોપ છે. કોંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓ જાણીજોઈને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહી છે. રાજ્યોને કોઈ ભંડોળ કે યોજનાઓ ફાળવવામાં આવી નથી.રાજ્યસભામાં વિપક્ષે બજેટ-માં ભેદભાવનો વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્રનુ નામ ન લેવાવા મુદ્દે પણ ભારે ગરમાગરમી થઈ હતી જો કે આ પછી વિપક્ષી નેતાઓ ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.બજેટ પર રાજ્યસભામાંથી વિપક્ષના વોકઆઉટ પહેલા વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું આ બજેટ ખુરશી બચાવવા માટેનું છે.રાજ્યસભામાં ચર્ચા દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ નિર્મલા સીતારમણને કહ્યું- માતાજી બોલવામાં એક્સપર્ટ છે.

આ બાબતે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું તેઓ માતાજી નથી, તમારી પુત્રીની ઉંમર સમાન છે.સપાના વડા અખિલેશ યાદવે કહ્યું- અમે ઈચ્છીએ છીએ કે ખેડૂતોને સ્વૅ મળે અને તેમની આવક બમણી થાય. બજેટમાં જોવા મળી રહ્યું છે કે ખેડૂતોને ટેકાના ભાવ આપવાને બદલે સરકાર સાથી પક્ષોને બજેટ આપી રહી છે.કેન્દ્રીય બજેટ સામે વિપક્ષના સાંસદો દ્વારા રાજ્યસભામાંથી વોકઆઉટ બદલ ગૃહના સ્પીકર જગદીપ ધનખડે કહ્યું, “માનનીય સભ્યો, આજે બજેટ પરની ચર્ચા સૂચિબદ્ધ હતી અને મેં વિપક્ષના નેતાથી આશા રાખી હતી કે નિયમોનું પાલન કરવામાં આવશે.

હું તમને ભારપૂર્વક વિનંતી કરું છું. જો વિક્ષેપ અને અવરોધને રાજકીય વ્યૂહરચના તરીકે શસ્ત્ર બનાવવામાં આવશે તો લોકશાહી ગંભીર ખતરાનો સામનો કરશે કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે ‘આ બજેટ માત્ર તેમના સહયોગીઓને સંતોષવા માટે છે.

## રાહુલ નહી બોલે...

બજેટ પર વિરોધ વચ્ચે કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ખેડૂતોને અહીં મળવા આવવા આમંત્રિત કર્યા હતા પણ સત્તાપક્ષ ખેડૂતોને સંસદમાં આવવા દેવાની ના પાડે છે, કદાચ એવું એટલા માટે કેમ કે અમે જેમને આમંત્રિત કર્યા એ લોકો ખેડૂતો છે. તો બીજી તરફ હવે સદનમાં રાહુલ બોલશે નહી લોકસભામાં બજેટ પર બોલવા માટે કોંગ્રેસને કુલ ૪ કલાકનો સમય મળ્યો છે. કુમારી શૈલજા અને શશિ થરૂર ચર્ચાની શરૂઆત કરશે. પ્રણિતી શિંદે પણ ચર્ચામાં ભાગ લેશે. કોંગ્રેસ સાંસદો સાથે ગઈકાલની બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, તમામ સાંસદોને બોલવાની તક મળવી જોઈએ. મેં એક વાર ભાષણ આપ્યું છે એટલે મારે બોલવાની જરૂર નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે હું ઈચ્છું છે કે પાર્ટીના તમામ સાંસદો દરેક મુદ્દા પર પોતાનો મત વ્યક્ત કરે.

## શંભુ બોર્ડર હજુ બંધ રહેશે

હરિયાણા અને પંજાબ વચ્ચે અંબાલા પાસે આવેલી શંભુ બોર્ડર હજુ ખુલશે નહીં. સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે, ‘શંભુ બોર્ડર પર યથાસ્થિતિ જાળવી રાખવી જોઈએ.ખેડૂતોના આંદોલનને કારણે હરિયાણા સરકારે તેને ૫ મહિના માટે બેરિકેડ કરીને બંધ રાખ્યું છે. રાજ્ય સરકારે હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.૧૦ જુલાઈના રોજ હાઈકોર્ટે એક સપ્તાહમાં શંભુ બોર્ડર ખોલવાનો આદેશ આપ્યો હતો. ૧૩ ફેબ્રુઆરીથી ખેડૂતો અહીં પડાવ નાખી રહ્યા છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે એક સ્વતંત્ર સમિતિની રચના કરવાનો પ્રસ્તાવ મૂકે છે.તેમાં પ્રતિષ્ઠિત વ્યક્તિઓને સામેલ કરવામાં આવશે. તે ખેડૂતો અને સરકારોનો સંપર્ક કરી શકશે અને તેમની માંગણીઓના વ્યવહારુ ઉકેલો શોધી શકશે જે બધાને સ્વીકાર્ય હશે.જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ ઉજલ ભુઈયાની સુપ્રીમ કોર્ટની બેન્ચે પંજાબ અને હરિયાણા સરકારોને એક સપ્તાહની અંદર સ્વતંત્ર સમિતિ માટે સભ્યોના નામ સૂચવવા કહ્યું હતું. બેન્ચે કહ્યું, “તમારે ખેડૂતો સાથે વાત કરવા માટે કેટલાક પગલાં ભરવા પડશે. નહીં તો તેઓ દિલ્હી શા માટે આવશે? તમે અહીંથી મંત્રીઓને મોકલી રહ્યા છો અને તેમના સારા ઈરાદા હોવા છતાં વિશ્વાસનો અભાવ છે.” કોર્ટે કહ્યું, ”એક અઠવાડિયામાં યોગ્ય સૂચનાઓ આપવામાં આવે.

## લાલુ યાદવની તબિયત લથડી

આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની તબિયત ફરી લથડી છે. તેમની દિલ્હી છૈંસ્જીમાં સારવાર ચાલી રહી છે. સોમવારે તેમને પેશાબમાં તકલીફ પડવાથી એઈમ્સમાં લાવવામાં આવ્યા હતા. તેમના નજીકના સંબંધીઓએ જણાવ્યું કે તેમને નિયમિત મેડિકલ ચેકઅપ માટે લાવવામાં આવ્યા છે. આ ચેકઅપમાં બે દિવસ લાગે છે. હાલ તેમની તબિયત સારી છે. લાલુ યાદવનું ૨ વર્ષ પહેલા સિંગાપોરમાં કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. તેમની પુત્રી રોહિણી આચાર્યએ તેમની એક કિડની તેમને દાનમાં આપી હતી. હજુ એ સ્પષ્ટ નથી થયું કે, લાલુ યાદવને અચાનક એવું શું થયું કે, તેમને એમ્સમાં દાખલ કરવા પડ્યા. કેટલાક દાવો કરે છે કે તેઓ નિયમિત તપાસ માટે ગયા હતા જ્યારે અન્ય દાવો કરે છે કે તેઓ બીમાર છે. સોમવારે જ લાલુ યાદવે બિહારને વિશેષ દરજ્જો ન આપવા પર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહારો કર્યા હતા. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની ત્નદ્ભની લાંબા સમયથી ચાલી રહેલી માંગને મોદી સરકારે તાજેતરમાં ફગાવી દીધી હતી. હાલ તે ડોક્ટરોની દેખરેખમાં છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર લાલુ યાદવની હાલત હાલ સ્થિર હોવાનું કહેવાય છે.

# ગુજરાત પર ત્રણ સિસ્ટમ સક્રિય : હવે બોરસદમાં સાંબેલાધાર ૧૪ ઇંચ !

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં જે રીતે વરસાદ પડી રહ્યો છે તેને લઈને ત્યા ભારે તારાજી સર્જાઇ છે. અને લોકો હજુ પણ મુશ્કેલીમાં છે. તે વચ્ચે હવે મધ્ય ગુજરાત માં વરસાદે એન્ટ્રી કરી છે. બુધવારે અમદાવાદમા ભારે પવન ફુંકાયો હતો જ્યારે બોરસદમાં સાંબેલાધાર ૧૪ ઈંચ વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. છોટાઉદેપુર ના નસવાડીમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે તો આ બીજી તરફ અંકલેશ્વરમાં ભારે વરસાદને કારણે આવેલા ઘોડાપૂરમાં લોકો ફસાયા હતા.સુરત બાદ વડોદરાની સ્થિતિ પણ વણસી છે. વડોદરામાં ૬ કલાકમાં ૪.૫ ઈંચ વરસાદ વરસતાં સ્માર્ટ સિટી પાણીમાં બેસી ગયું. નવાયાર્ડમાં ઘરોમાં દૂષિત પાણી ઘૂસ્યાં તો પરિસ્થિતિ વિકટ થતાં ઈમર્જન્સી નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. તો તંત્રએ શહેરની બહારના કર્મચારીઓને ઘરે પરત ફરવા અપીલ કરી હતી ભારે વરસાદ બાદ સ્કૂલમાં બે દિવસની રજા જાહેર કરી દેવાઈ છે.સુરતમાં પાંચ પાંચ ખાડી ઓવર ફ્લો થતાં શહેરમાં ખાડીપૂરનું પાણી ફરી વળ્યુ હતુ. સુરતમાં ઠેરઠેર સ્થિતિ કાબૂ બહાર જતા તારાજીના દ્રશ્યો સર્જાયા હતા. મોટાભાગના ઘરો પાણીમાં ડૂબાડૂબ જોવા મળ્યા. તો ગામની વચ્ચોવચ્ચ આવેલા મંદિર પણ જળમગ્ન બની ગયું છે..જો કે આ સ્થિતિમાંથી હાલ રાહત મળવાના કોઈ આસાર નથી.. પાણીના સ્તરમાં હજુ પણ વધારો થવાની ચેતવણી સાથે લોકોને સલામત સ્થળે ખસી જવાની અપીલ પણ કરવામાં આવી હતી. વડોદરા શહેર-જિલ્લામાં ધીમી ધારે બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. વડોદરામાં ૧૦ કલાકમાં ૮ ઈંચ વરસાદ વરસતાં શહેરના રોડ-રસ્તાઓ પર દરિયા જેવો માહોલ સર્જાયો છે. કેટલીક જગ્યા છાતી સમા પાણી ભરાયા હતા. તો કેટલીક જગ્યા વૃક્ષ પણ ધરાશાયી થયા ગયા હતા. ત્યારે ધીરે ધીરે સ્થિતિ ગંભીર બનતા શાળા-કોલેજોમાં આવતીકાલે રજા જાહેર કરવામાં આવી છે હવામાન વિભાગની આગાહી અનુસાર, હાલમાં ગુજરાત પર ત્રણ સિસ્ટમ સક્રિય છે, જેને કારણે આગામી પાંચ દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની સંભાવના છે. હાલમાં રાજ્યના ઉત્તર ભાગમાં સર્ક્યુલેશન સક્રિય થયું છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ઓફ શોર ટ્રફ તથા સૌરાષ્ટ્રના ભાગમાં શિયર ઝોનની અસરને કારણે આજે સમગ્ર રાજ્યમાં હળવાથી ભારે વરસાદની શક્યતા છે.


## બિહારમાં પેપર લીક વિરુદ્ધ બિલ પસાર

તાજેતરમા દેશમાં જ્યારે પેપર લીકનો મુદ્દો સૌથી વધુ ચર્ચામા છે તે વચ્ચે બિહારમાં વિધાનસભા સત્રમાં નીતિશ કુમારની સરકાર પેપર લીક અને હેરાફેરી વિરુદ્ધ બિલ પસાર કર્યુ છે. આ બિલ બુધવારે વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પેપર લીક કે હેરાફેરીમાં સંડોવાયેલા ગુનેગારો સામે કડક કાયદાકીય કાર્યવાહીની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ કાયદા હેઠળના તમામ ગુનાઓ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે. આ બિલમાં એવી પણ જોગવાઈ છે કે પેપર લીક કે તેનાથી સંબંધિત કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ લોકોને આ કાયદા હેઠળ દોષિત ગણવામાં આવશે. તેમજ ગુનેગારોને ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ થશે. અગાઉ, પેપર લીકને રોકવા માટે કેન્દ્ર સરકારે દેશમાં પેપર લીક વિરોધી કાયદો પણ લાગુ કર્યો છે. આ કાયદાને પબ્લિક એક્ઝામિનેશન એક્ટ, ૨૦૨૪ એટલે કે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે. યોગી સરકારે તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં આ કાયદો પસાર કર્યો હતો.

# ખાવડાના એનર્જી પ્લાન્ટમાંથી પવન ઉર્જા ઉત્પાદન શરૂ !

**ખાવડા સ્થિત દુનિયાના સૌથી મહાકાય રીન્યુએબલ એનર્જી પ્લાન્ટમાં સૌ પ્રથમ ૨૫૦ સ્ઉની પવન ક્ષમતા કાર્યાન્વિત કરાઇ ૫.૨ મેગાવોટની ક્ષમતાના વિન્ડ ટર્બાઇન જનરેટર (WTG) તહેનાત કરાયા પ્લાન્ટ સંપ્પન થયે ૪ ૨ઉ પવન અને ૨૬ ૨ઉ સૌર ક્ષમતાનુ ઉત્પાદન થશે**

ભારતની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી (RE) કંપની અદાણી ગ્રીન એનર્જી લિ.(AGEL) એ ગુજરાતના કચ્છના ખાવડા માં દુનિયાના સૌથી મહાકાય ૩૦,૦૦૦ મેગાવોટ ક્ષમતાના રિન્યુએબલ એનર્જી પ્લાન્ટમાંથી ૨૫૦ મેગાવોટની પવન ક્ષમતા કાર્યાન્વિત કરી છે. આ સીમાચિહ્ન હાંસલ કરવા સાથે ખાવડા પ્લાન્ટમાં ૨,૨૫૦ મેગાવોટની સંચિત ક્ષમતા કાર્યરત કરવામાં આવી છે. તેના પરિણામે ભારતમાં ૧૧,૧૮૪ મેગાવોટના સૌથી મોટા ઓપરેશનલ પોર્ટફોલિયો સાથે એજીઇએલના રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં અધિપત્યને વધુ મજબૂત બનાવે છે. રાત્રીના સમયે પવન



ઉર્જા અને દિવસના ભાગે સૌર ઊર્જાના પૂરક ઉત્પાદનની પેટર્નનો ઉપયોગ કરીને ચોવીસ કલાક રિન્યુએબલ એનર્જીનો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે ભારતની મિશ્રીત ઉર્જા માટે પવન ઉર્જા મહત્વપૂર્ણ છે. વધુમાં ઉર્જા સ્ત્રોતોમાં વૈવિધ્યીકરણ કરીને ગ્રીડ બેલેન્સિંગ જાળવવામાં પવન ઉર્જા ફાળો આપે છે અને સ્ટોરેજ સાથે મળીને રિન્યુએબલ બેઝલોડ પાવરને મજબૂત બનાવી શકે છે.ગુજરાતના ખાવડાનો રણ પ્રદેશ ભારતના શ્રેષ્ઠ પવન સંસાધનો પૈકીનો એક મજબૂત કુદરતી સ્ત્રોત છે, જે પ્રતિ સેકન્ડ ૮ મીટરની ઝડપે તેને પવન ઊર્જાનો ઉપયોગ કરવા માટે એક આદર્શ સ્થળ છે.ત્યારે ખાવડાનો આ રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ વિશ્વના સૌથી મોટા અને સૌથી શક્તિશાળી દરેક ૫.૨ મેગાવોટ ક્ષમતાના અને ઉચ્ચ ગુણવત્તાનું રેટીંગ ધરાવતા ઓનશોર વિન્ડ ટર્બાઇન જનરેટર (ડબલ્યુટીડજી) થી સજ્જ છે. જે આ સ્થળેથી શ્રેષ્ઠ ગુણવત્તાયુકત ઉર્જાની ઉપજ મેળવવા અને ઊર્જાના લેવલાઇઝ્ડ કોસ્ટ ઓફ એનર્જી (LCOE) ને નીચે લાવવા જમીનના સર્વોત્તમ ઉપયોગ માટે સક્ષમ કરે છે. અહીં ઉપયોગમાં લેવામાં આવેલ ૫.૨ સ્ઉ ક્ષમતાની ટર્બાઈન ૧૬૦ મીટરનો રોટર વ્યાસ અને ૨૦૦ મીટરની ટોચની ઊંચાઈ ધરાવે છે, જે ગુજરાતમાં સરદાર સરોવર ડેમ નજીક નિર્માણ થયેલી વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટી ની પ્રતિમાની સમકક્ષ છે. ખાવડા માં સ્થાપિત ૫.૨ મેગાવોટ ના વિન્ડ ટર્બાઈન જનરેટર (ડબલ્યુટીજી) શ્રેષ્ઠ જર્મન ટેક્નોલોજીથી બનેલ છે અને તેનું ઉત્પાદન મુન્દ્રા બંદર નજીક વ્યૂહાત્મક રીતે સ્થિત અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિ. (ANIL)ના સંકલિત ઉત્પાદન ઈકોસિસ્ટમમાં કરવામાં આવે છે. સ્વદેશી પુરવઠા શ્રેણીનું નિર્માણ કરવા અને ‘મેડ ઈન ઈન્ડિયા’ વિઝનને પ્રોત્સાહન આપવા માટેની છર્ચ્ઈન્ની પ્રતિબદ્ધતાનું આ પ્રમાણપત્ર છે.અદાણી એનર્જીએ ખાવડાની વેરાન અને ઉજ્જડ પડતર જમીનને સ્વચ્છ અને સસ્તી ઊર્જા પેદા કરવાના હબમાં પરિવર્તિત કરી છે. ખાવડાના પ્લાન્ટમાં ઉત્પાદીત ઉર્જા દર વર્ષે ૧૬.૧ મિલિયન ઘરોને પાવર આપી શકે છે. અદાણી ગ્રીન એનર્જી લિ.દ્વારા વિરાટકાય કદ ઉપર નિર્માણ પામી રહેલો આ મહત્વાકાંક્ષી રિન્યુએબલ પ્રોજેક્ટ્સ એક મજબૂત સપ્લાય ચેઈન નેટવર્ક અને તકનીકી કૌશલ્ય વિકસાવવામાં પુરવાર કુશળતા સાથે વિશ્વના સ્વચ્છ ઉર્જા ક્ષેત્રમાં અતુલ્ય વિક્રમજનક ગીગા-સ્કેલ પ્લાન્ટ સ્થાપવા માટે શ્રેષ્ઠ સ્થાને બિરાજે છે.પ્લાન્ટના વિકાસને વેગ આપવા માટે એજીઇએલ એ વ્યાપક અભ્યાસ કરીને અનેકવિધ નવીન ઉપાયોનો ઉપયોગ કર્યો-છે. વીજ ઉત્પાદનની પ્રક્રિયામાં કંપની સ્વદેશી અને ટકાઉ પુરવઠા શૃંખલાના વિકાસને ટોચની પ્રાથમિક્તા આપી રહી છે.વૈશ્વિક ડીકાર્બોનાઇઝેશનના પ્રયાસોને વેગ આપવા અને ભારતની ટકાઉ પ્રગતિ માટે વિશ્વનો સૌથી મોટો ખાવડાનો આ રિન્યુએબલ એનર્જી પ્લાન્ટ દીવાદાંડી સમાન છે.

## નેપાળના વિમાન દુર્ઘટનામાં ૧૮ના મોત

**વિમાનમાં કુલ ૧૯ લોકો સવાર હતા જે દુર્ઘટનામાં પાયલટનો બચાવા થયો હતો નેપાળના ત્રિભુવન એરપોર્ટ પર ટેક ઓફ દરમિયાન આ વિમાન ક્રેશ થયુ હતુ. ક્રેસ થયા બાદ આગ લાગી**

કાઠમંડુ, તા.૨૪

નેપાળના કાઠમંડુથી એક મોટી દુર્ઘટના બુધવારે બની હતી ત્રિભુવન એરપોર્ટ પર ટેક ઓફ દરમિયાન એક વિમાન ક્રેશ થઇ ગયુ હતુ આ ઘટના બનતાં જ વિમાન જાણે આગના ગોળામાં રૂપાંતરિત થઇ ગયું હતું. મળતી માહિતી મુજબ આ દુર્ઘટનામાં ૧૮ લોકોના મોત થયા છે. જો કે પાયલટનો બચાવા થયો હતો અને તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. આ વિમાન સૂર્યા એરલાઈન્સનું હોવાનું સામે આવ્યું હતુ કાઠમંડુમાં આવેલા ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આ દુર્ઘટના સર્જાઈ હતી જેમાં આ વિમાન પોખરા માટે ઉડાન ભરી રહ્યું હતું. ત્યારેજ પ્લેન ક્રેશ થઇ ગયુ હતુ જો કે વિમાનમાં ફક્ત એરલાઈન્સનો ટેક્નિકલ સ્ટાફ હોવાનુ સામે આવ્યુ છે.આ માહિતી એરપોર્ટના ઈન્ફર્મેશન ઓફિસરે આપી હતી. વિમાન જેવું જ ક્રેશ થયું તો જાણે આગના ગોળામાં રૂપાંતરિત થઈ ગયું હતું અને એકાએક ધૂમાડાના ગોટે ગોટા આકાશમાં સર્જાયા હતા.દુર્ઘટનામાં ૧૮ લોકોના મોત થયા હતા પ્લેન દુર્ઘટના બાદ વિમાનમાં કુલ ૧૯ લોકો સવાર હતા.દુર્ઘટના બાદ રાહત અને બચાવ ટીમ ઘટના-સ્થળે પહોંચી હતી સાથે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ પરંતુ લોકો બચી શક્યા ન હતા વિમાનમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા

## આજનું રાશિફળ

**મેષ**

આજના દિવસે સવારે ધ્યાન તથા યોગને આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. પરિવારમાં નવા સભ્યના આગમનના સમાચાર તમને મુગ્ધ કરશે. પૂર્વાનુમાનમાં તમારી ખુશીની ઉજવણી માટે પાર્ટી આપો. વ્યસ્ત રસ્તા પર તમે અનુભવશો કે તમે સૌથી નસીબદાર છો, કેમ કે તમારું પ્રિયપાત્ર સૌથી શ્રેષ્ઠ છે.

**વૃષભ**

આજે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. કામ બાકી હોવા છતાં રૉમાન્સ તથા સામાજિક બાબતો તમારા મગજ પર રાજ કરશે.

**મિથુન**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. નિકટના સંબંધી અથવા મિત્ર તરફથી સારા સમાચારથી દિવસ શરૂ થશે. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે. તમે જો એક દિવસની રજા પર જતા હો તો તમારે ચિંતા કરવાની જરૂર નથી-કેમ કે તમારી ગેરહાજરીમાં બધી ચીજો સરળતાથી ચાલશે-જો-કોઈ-વિચિત્ર કારણસર-સમસ્યા સર્જાઈ-તો તમે પાછા ફરશો ત્યારે તેને સરળતાથી ઉકેલી લેશો.

**કર્ક**

આજે તમારા માટે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. ઘરનું કામ થકાવનારૂં હશે તથા માનસિક તાણનું મોટું કારણ બનશે. તમારી ગર્લફ્રૅન્ડ સાથે બિભત્સ ન થતાં. તમારા કામમાં સમાન વિચારધારા ધરાવતા મિત્રોની મદદ લો. તેમની સમયસરની મદદ તમારી માટે મહત્વની તથા લાભકારક પુરવાર થશે.

**સિંહ**

આજે તમને ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**કન્યા**

આજે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા ારી છે પણ જો તે એક હદ વટાવે તો તેનાથી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે.

**તુલા**

આજે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. સમજદારીપૂર્વક રોકાણ કરો. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે, દરેક ક્ષણને માણો. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.

**વૃશ્ચિક**

આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો. આ બાબત તમારૂં પારિવારિક જીવન વધુ અર્થપૂર્ણ બનાવશે.

**ધન**

લોકોને મદદ કરવાનો અને આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. પરિવાર સાથેના જોડાણ અને બંધનને તાજાં કરવાનો દિવસ. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**મકર**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો। તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો. એવો દિવસ જ્યારે તમારી માટે ખરાબ લાગણી ધરાવનારી વ્યક્તિ તમારી સાથેની ગેરસમજ દૂર કરવાનો તથા તમારી સાથે સમાધાન સાધવાનો પ્રયાસ કરશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. તમે જે કંઈ કરશો તેમાં તમે શ્રેષ્ઠ હશો-તમે કેટલા સક્ષમ છો

**કુંભ**

આજના દિવસે કોઈ પણ વાતમાં ચિંતિત થવાની જરૂર નથી અને પોઝિટિવ વિચારશરણી રાખવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખ-જો. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. તમને લાભ થવાની શક્યતા છે- જો તમે તમારા વિચારો યોગ્ય રીતે રજૂ કરશો

**મીન**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે, પણ અંગત તથા ગોપનીય હોય એવી માહિતી છતી ન કરતા. કોઈક ખર્ચાળ સાહસ પર સહી-સિક્કા કરવા પહેલા તમારી નિર્ણયશક્તિનો ઉપયોગ કરો. દિવસ ના અંતે, આજે તમે તમારા ઘર ના લોકો ને સમય આપવા ની ઈચ્છા કરશો, પરંતુ આ સમય દરમિયાન તમે તમારા ઘર ની નજીક ના કોઈ વ્યક્તિ થી પરેશાન થઈ શકો છો અને તમારો મૂડ ખરાબ થઈ શકે છે.

# મુંદ્રા-ખાવડાના બહુલક્ષી પ્રોજેક્ટ્સની મુલાકાત લઇ ભૂટાનના રાજાએ વખાણ કર્યા

**અદાણી ગૃપ સાથે હાઇડ્રો પાવર અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવા પરસ્પર હિતના ક્ષેત્રમાં સહયોગ કરવા ભૂટાન ઉત્સૂક હોવાનુ મહેમાનોએ જણાવ્યુ હતુ ભારતનું પાડોશી રાષ્ટ્ર ભૂટાન વિશાળ કક્ષાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિકસાવવામાં અદાણીની કુશળતાના આધાર પર સહયોગ કરવાનું લક્ષ્ય**

ભુજ તા.૨૪

ભૂટાનના રાજા અને વડા પ્રધાનની રાહબરી હેઠળના એક ઉચ્ચ-સ્તરીય પ્રતિનિધિમંડળની ગુજરાતની તેમનીબે દિવસની મુલાકાતના ભાગરૂપે અદાણી ગ્રૂપની ફ્લેગશિપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સાઈટ્સ-મુન્દ્રા અને ખાવડા-ની મુલાકાત લીધી હતી. અદાણી સમૂહ સાથે વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક સહયોગની તકો શોધવાનો તેમની આ મુલાકાતનો પ્રાથમિક ઉદ્દેશ હતો. અદાણી સમૂહ મુન્દ્રામાં ભારતનું સૌથી વિશાળ વ્યાપારી બંદરનું સંચાલન કરે છે, જ્યારે કચ્છના ખાવડામાં તે કાર્બનના ઉત્સર્જનને ઘટાડવાના ધ્યેય સાથે સ્વચ્છ ઉર્જાનું ઉત્પાદન કરવા માટે દુનિયાનો સૌથી મહાકાય રિન્યુએબલ એનર્જી પાર્ક વિકસાવી રહ્યું છે. ભારતના અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસકાર તરીકે પ્રતિષ્ઠિત અદાણી ઉદ્યોગ સમૂહે પ્રોજેક્ટના મોટા પાયે અમલીકરણ અને વિકાસમાં અસાધારણ કૂશળતાનું પ્રદર્શન કર્યું છે. ગુજરાતમાં અદાણી સમૂહના ઉજળા સફળ પ્રયાસોમાં મુખ્ય મુન્દ્રા પોર્ટ અને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનના અત્યાધુનિક ઢબે વિકાસનો સમાવેશ થાય છે. મુંદ્રા પોર્ટે કચ્છના વેરાન પ્રદેશને દેશના અગ્રણી પોર્ટ અને એક વિશાળ ઔદ્યોગિક હબમાં પરિવર્તિત કર્યો છે. ગ્રીન એનર્જી ટ્રાન્ઝિશન અને નેટ ઝીરો ઉત્સર્જનને હાંસલ કરવા માટેની તેની પ્રતિબદ્ધતાને અનુરૂપ અદાણી હાલમાં ગુજરાતના કચ્છના ખાવડામાં દુનિયાનો સૌથી મહાકાય એનર્જી પાર્ક વિકસાવી રહ્યું છે, જે વેરાન જમીનને સ્વચ્છ અને સસ્તી ઊર્જા ઉપલબ્ધ બનાવવાના હબમાં પરિવર્તિત કરી રહ્યો છે. ભારતનું પાડોશી રાષ્ટ્ર ભૂટાન વિશાળ કક્ષાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વિકસાવવામાં અદાણીની કુશળતાના




આધાર પર સહયોગ કરવાનું લક્ષ્ય ધરાવે છે. પરસ્પર હિતના મુખ્ય ક્ષેત્રોમાં હાઈડ્રોપાવર, ટ્રાન્સમિશન લાઈન, શહેરી વિકાસ જેમ કે ગેલે-ફુ માઈન્ડફુલનેસ સિટી, સિમેન્ટ ઉદ્યોગ, ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જીની બાબતોમાં એકબીજાના સહયોગ વિષે આ મુલાકાત દરમિયાન વિગતે ચર્ચા કરવામાં આવી હતી. અદાણી ગૃપે ૫૭૦ મેગાવોટ ક્ષમતાના વાંગછુ હાઈડ્રોપાવર પ્રોજેક્ટના વિકાસ માટે ડ્રૂક ગ્રીન પાવર કંપની (ડીજીપીસી) સાથે અગાઉથી જ સમજૂતી કરાર (એમઓયુ) કર્યા છે. અદાણીના પ્રોજેકટ્સની રાજાની આ મુલાકાત દરમિયાન ડીજીપીસીના અધિકારીઓ પણ જોડાયા હતા. ભૂટાનની અર્થવ્યવસ્થામાં તેના જીડીપી અને નિકાસ આવકમાં નોંધપાત્ર યોગદાન આપી રહેલ હાઈડ્રોપાવરની ભૂમિકા નિર્ણાયક હોવાથી આ પહેલ દીશાસૂચક છે ભૂતાન તેની ઉત્પાદિત વીજળીનો નોંધપાત્ર હિસ્સો ભારતમાં નિકાસ કરી ભારતની ઊર્જા જરૂરિયાતોને હળવી કરવામાં મદદ કરે છે.ભૂટાન પાસે નોંધપાત્ર એવી લગભગ ૩૦,૦૦૦ મેગાવોટની સંભવિત ક્ષમતા છે જેમાં અંદાજે ૨૪,૦૦૦ મેગાવોટ આર્થિક રીતે શક્ય માનવામાં આવે છે.૧૯૬૦ના દાયકાથી ભારત દ્વારા સમર્થિત ભૂટાનના હાઈડ્રોપાવર સેક્ટરનો વિકાસ તેના આર્થિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ રહ્યો છે. આ ક્ષેત્રમાં શ્રીલંકા અને બાંગ્લાદેશ સરકારો સાથે તાજેતરમાં સહયોગ સાધવામાં આવ્યો છે. અદાણી ગ્રૂપ પોતાની મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાઓ અને નિપૂણતાના આધારે ભારતના પાડોશી રાષ્ટ્રોને તેમના ટકાઉ વિકાસના પ્રયાસોમાં સક્રિયપણે સહયોગ આપી નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જનને હાંસલ કરવાના વૈશ્વિક લક્ષ્યમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે. સૌથી મોટા વિદેશી સીધા રોકાણનું પ્રતિનિધિત્વ કરતા અને શ્રીલંકાના ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા પાવર પ્રોજેક્ટ એવા વિન્ડ પાવર સ્ટેશન માટે શ્રીલંકાની સરકાર સાથે સીમાચિહ્નરૂપ ૨૦-વર્ષ માટે તાજેતરમાં કરવામાં આવેલા કરારનો આ સહયોગમાં સમાવેશ થાય છે. વધુમાં અદાણી ગૃપે ઝારખંડમાં ભારતના ૧૬૦૦ મેગાવોટ-ના પ્રથમ ટ્રાન્સ-નેશનલ પાવર પ્રોજેક્ટ ગોડ્ડા પાવર પ્લાન્ટમાંથી બાંગ્લાદેશમાં વીજળીની નિકાસનો આરંભ કરીને પ્રાદેશિક ઉર્જા સુરક્ષા અને ટકાઉપણું વધારવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. ભૂટાનના પ્રતિનિધિમંડળ અને અદાણી ગૃપ વચ્ચે ચાલી રહેલી ચર્ચાઓ ટકાઉ વિકાસના લક્ષ્યોને આગળ વધારવા સાથે વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા પ્રાદેશિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટેની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# આજે ઈન્ટરનેશનલ ડિજિટલ એડોપ્શન પ્રોફેશનલ્સ ડે

જુલાઈ ૨૫ ના રોજ ઈન્ટરનેશનલ ડિજિટલ એડોપ્શન (ડીએપી) પ્રોફેશનલ્સ ડે ત્રીજી વખત મનાવવામાં આવશે. ડિજિટલ એડોપ્શન પ્લેટફોર્મ કંપની વોકમી ની પહેલ, આ રજા ડીએપી પ્રોફેશનલ્સની સિદ્ધિઓને ઓળખે છે અને તેની ઉજવણી કરે છે. જેઓ તેમની સંસ્થાની એકંદર ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વ્યૂહરચનાના ભાગ રૂપે નવી ટેક્નોલોજીને અપનાવવા સક્ષમ બનાવવા માટે કામ કરે છે, તેમની કંપનીઓના ડિજિટલ રોકાણોની સફળતાને સુનિશ્ચિત કરે છે અને ડિજિટલ ઉન્નતીકરણ કરે છે.

સંસ્થાઓ સતત વિકસિત થઈ રહી છે અને વાસ્તવમાં ભૌતિક સંસાધનો કરતાં ડિજિટલમાં વધુ રોકાણ કરી રહી છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન બજેટ ઝડપથી વધી રહ્યું છે; આઈડીસી રિસર્ચ, આઈએનસી.અનુસાર, ટ્રાન્સફોર્મેશન પ્રોજેક્ટ ખર્ચ ૨૦૨૦ અને ૨૦૨૪ ની વચ્ચે $૧.૧ ટ્રિલિયન વધીને ૨૦૨૪માં અંદાજિત $૨.૪ ટ્રિલિયન થવાની ધારણા છે. ડીએપી પ્રોફેશનલ્સ અને યોગ્ય ડિજિટલ એડોપ્શન પ્લેટફોર્મ્સ (DAPs) આ જબરદસ્ત ડિજિટલ ટ્રાન્સફોર્મેશનના મૂલ્યને મહત્તમ કરે છે. જો લોકો તેમની સંપૂર્ણ ક્ષમતાઓ અનુસાર ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરતા નથી, તો આ ખર્ચાળ ટેક્નોલોજી રોકાણોના પરિણામે રોકાણ પર ઓછું વળતર (ROI)



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

આવશે. તો કોણ ડિજિટલ દત્તક લેવાના ધ્યેયો નક્કી કરે છે, તેમને હાંસલ કરવા માટે એક યોજના બનાવે છે અને સંસ્થાના જટિલ ટેક સ્ટેકમાં એપ્લિકેશન વપરાશ ડેટાના પલ્સ પર રહે છે? ડિજિટલ એડોપ્શન પ્લેટફોર્મ (ડીએપી) પ્રોફેશનલ દાખલ કરો.

ડીજીટલ એડોપ્શન પ્લેટફોર્મ (ડીએપી) નો ઉપયોગ કરીને, ડીએપી પ્રોફેશનલ્સ અંતિમ વપરાશકર્તાઓને સમગ્ર એપ્લિકેશનમાં કસ્ટમાઇઝ માર્ગદર્શન પ્રદાન કરે છે, તેમના ડિજિટલ અનુભવને પરિવર્તિત કરે છે અને તેમનું શ્રેષ્ઠ કાર્ય કરવા માટે સશક્તિકરણ કરે છે. DAP પ્રોફેશનલ્સ દ્વારા બનાવેલ ઉન્નત ડિજિટલ અનુભવોથી કર્મચારીઓ અને ગ્રાહકો બંનેને ફાયદો થાય છે.૨૦૧૧ માં સ્થપાયેલ, વોકમી સોફ્ટવેર રોકાણોના ડિજિટલ સ્વીકારને વધારીને ડિજિટલ પરિવર્તનની અસરને મહત્તમ અને વેગ આપે છે. WalkMeનું DAP અંતિમ વપરાશકર્તાના અનુભવોને વધારીને વ્યવસાયિક પરિણામોને આગળ ધપાવે છે. તમે WalkMe ના નો-કોડ ડિજિટલ એડોપ્શન પ્લેટફોર્મ વિશે Walkme.com પર વધુ જાણી શકો છો WalkMe આ વર્ષે પ્રથમ ટોપ ૧૦૦ DAP પ્રોફેશનલ્સની યાદી #DAPP૧૦૦ ના લોન્ચ સાથે ઉજવણી કરી રહ્યું છે., DAP પ્રોફેશનલ્સ ક્રાઉડસોર્સ વોટિંગના આધારે - ડિજિટલ અપનાવવામાં સૌથી વધુ પ્રેરણાદાયી લોકોના આ ક્રોસ- ઈન્ડસ્ટ્રી રાઉન્ડઅપમાં હોવાના સન્માન માટે પોતાને અથવા અન્ય કોઈને નોમિનેટ કરી શકે છે.

# દરેક વર્ગના વિકાસ સાથે દેશને વિશ્વ ગુરૂ બનાવવાનો સંકલ્પ ચરિતાર્થ થશે

**બજેટને આવકારી પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાએ આશાવાદ વ્યક્ત કર્યો**

ભુજ તા.૨૪

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સરકારની ત્રીજી ટર્મની કેન્દ્રીય સરકારના નાણામંત્રી નિર્મલા સીતારામને રજુ કરેલા દેશના વર્ષ ૨૦૨૪/૨૫ના બજેટને આવકારી ભાજપ અગ્રણીએ પ્રજા અને વિકાસલક્ષી ગણાવ્યું હતું. કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ અધ્યક્ષ અને



રાપરના પૂર્વ ધારાસભ્ય પંકજ મહેતાએ બજેટ અંગે પોતાના પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતું કે, બજેટમાં રોજગાર, મહીલાશશકિત કરણ, ગરીબ, યુવાનો અને મજુર વર્ગ સાથે દેશના ખેડૂતોને ધ્યાને રાખીને દેશના સર્વાંગી વિકાસને લક્ષ્યમાં રાખીને નવ અગ્રતા ક્ષેત્રોની ઓળખ કરી તેના માટેની પુરતી તકો પેદા કરવા, મુખ્ય ક્ષેત્રોમાં સતત પ્રયત્નો સુનિશ્ચિત કરતા આ બજેટને વધાવવા સાથે વડાપ્રધાન તેમજ કેન્દ્રીય નાણામંત્રીને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી મહેતાએ બજેટને આવકારતા કારણોમાં ઉમેર્યું હતુ કે, દેશના વિકાસને ધ્યાને લઈ લોકોની આકાંક્ષાને પૂર્ણ કરવા નવ પ્રાથમિકતાઓને ધ્યાને લેવામાં આવી છે. જેમાં, કૃષિમાં ઉત્પાદકતા અને સ્થિતીસ્થાપકતા, રોજગાર અને કૌશલ્ય, સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજિક ન્યાય, ઉત્પાદન અને સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રકચર, નવીનતા, શંશોધન અને વિકાસ તથા નેક્સ્ટ જનરેશન રિફોર્મ્સ ને ધ્યાને રાખીને વિકસિત ભારતની સંકલ્પનનાને સાર્થક કરવા માટે, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩ કરોડ મકાન બનાવવાની જોગવાઈ, ૧.૫૨ લાખ કરોડ એગ્રી કલ્ચર માટે, ૧ કરોડ ખેડૂતોને નેચરલ ફાર્મિંગ માટે પ્રોત્સાહન, ૧ લાખ વિધ્યાર્થીઓને એજયુકક્શન લોન, ૪૦૦ જીલ્લા ડીજીટલ સર્વે દ્વારા ખેતી વિકાસ, ૩૦ લાખ બેરોજગારને સર્વિસ એમ્પોઝ ઈ.પી.એફ.ઓ માટે નોંધણી કરવી, મહિલાઓને સર્વિસ માં પ્રાથમિકતા સાથે પ્રથમ વખત બેરોજગારને ૧૫૦૦૦ આપવામાં આવશે, દેશની મોટી કંપનીઓમાં પાંચ વર્ષમાં ૧ કરોડ યુવાનોને પ્રશિક્ષણ આપવા,મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખથી વધારીને ૨૦ લાખ કરવી, સોલાર પેનલ યોજના હેઠળ ૧ કરોડ ઘર માટે દર મહિને ૩૦૦ યુનિટ મફત આપવા જેવા અનેક ઉદાહરણો ટાંકી વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા માટે કેન્દ્રીય બજેટમાં પ્રાધાન્યતા આપી દેશને આત્મનિર્ભરતા અને દેશના દરેક વર્ગના વિકાસ સાથે દેશને વિશ્વ ગુરૂ બનાવવાનો સંકલ્પ ચરિતાર્થ થશે તેવો આશાવાદ શ્રી મહેતાએ વ્યક્ત કર્યો હતો.

## ચાંદીપુરા વાયરસને લઈ સાંઘ્રોવાંઢમાં આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરાઈ



**દયાપર :** કચ્છના નખત્રાણા તાલુકાના એક ગામમાં આવેલા ચાંદીપુરા વાયરસ તેમજ અન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે, તાલુકાના સાંઘ્રોવાંઢમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા માતાનામઢ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ.જાનકી વ્યાસના માર્ગદર્શન હેઠળ ડોર ટુ ડોર સર્વે તેમજ NVBDCP કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં એબેટ કામગીરી, ચુનાનું ડસ્ટિંગ, બળેલા ઓઈલનો ખાડા ખાબોચિયામાં છંટકાવ કરવો, ડાયફ્લૂબેન્જુરોન સ્પ્રેયિંગ, ORS તેમજ ક્લોરિન ટેબ્લેટ વિતરણ કરવાની સાથે કલોરીનેશન, કાચા મકાનો,ભૂંગા જેવા મકાનોની સર્વે સહિતની કામગીરી સાથે ગ્રામજનોને ચાંદીપૂરા વાયરસ વિશે માહિતી આપી, આ 'જન જાગૃતિ' અભિયાન દ્વારા રોગચાળા નિયંત્રક કામગીરી કરવામાં આવી હતી, જેમાં માતાનામઢ આરોગ્ય કેન્દ્રના નિલેશ પરમાર તેમજ સ્ટાફના કર્મચારીઓ જોડાયા હતા

# 'ચાંદીપુરા' વાયરસ સામે લોક જાગૃતિ માટે ગાંધીધામ ચેમ્બર મેદાને

**ગાંધીધામ ચેમ્બર અને તાલુકા આરોગ્ય અધિકારની સંયુક્ત બેઠક યોજી નગરપાલિકા પંચાયતોનો પણ સહકાર લઇ કાર્ય માટે ચર્ચા કરાઇ "સાવચેતી અપનાવો, સ્વસ્થ રહો, આપણો વિસ્તાર', આપણી સંયુક્ત જવાબદારીના સુત્ર સાથે જનજાગૃતિ અભિયાન હાથ ધરાયુ**

ગાંધીધામ તા.૨૪

શંકાસ્પદ વાઈરલ ચાંદીપુરા વાઈરસના કચ્છમાં મંડાણ થયા છે ત્યારે, સંભવિત ખતરા સામે લડવા માટે આજે સ્થાનિક આરોગ્ય અધિકારીઓ અને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓની એક મહત્વપૂર્ણ બેઠક ચેમ્બર ભવન ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં રોગ નિયંત્રણ, જનજાગૃતિ ફેલાવવા અને સમુદાયને સુરક્ષિત રાખવા માટેના વ્યાપક પગલાંની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી.સંયુક્ત બેઠકમાં ચેમ્બર પ્રમુખ મહેશ પુજ તથા પૂર્વ પ્રમુખ તેજા કાનગડે તાલુકા આરોગ્યની સમગ્ર ટીમ તેમજ આંગણવાડી સંચાલક, કાર્યતાઓ તેમજ ચેમ્બરના પ્રતિનિધિઓએ હાલના વિષમ વાતાવરણને કારણે રાજયમાં આ વાઈરસના કેસો નોંધાઇ રહયા છે અને કચ્છમાં પણ ધીમી ગતિએ પગ પેસારો થઇ રહયો છે ત્યારે આ રોગના કિસ્સામાં રસી એટલી કારગત નિવડતી ના હોઇ જનજાગૃતિ ફેલાવી, આ રોગને અટકાવી તેના પર નિયંત્રણ કેળવવું એજ એકમાત્ર સચોટ ઉપાય છે તેમજ જિલ્લા પ્રશાસન દ્વારા પણ સૂચનાઓ અપાઇ રહી છે તેને અનુલક્ષીને નૈતિક જવાબદેહીના ભાગરૂપે તેમજ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતાં આ પ્રશ્ને મદદરૂપ થવાના ભાવ સાથે આ બેઠક યોજવાનું પ્રયોજન હોવાનું જણાવ્યું હતું. સાથે નગરપાલિકાની ટીમ તથા ગ્રામ પંચાયતો, આંગણવાડીઓને પણ આ અભિયાનમાં જોડવામાં આવશે, તેવી જાણકારી આપી હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડો. ડી.એસ. સુતરીયાએ ગાંધીધામ ચેમ્બરની સમાજલક્ષી અને આરોગ્ય સંબંધિત કાર્યોની નોંધ લઇ ખુશી વ્યક્ત કરવા સાથે




ચાંદીપુરા વાયરસના મુખ્ય લક્ષણો જેવા કે તાવ, માથાનો દુખાવો, સાંધાનો દુખાવો અને ત્વચા પર રેશ વિશેની માહિતી પાઠવી સામાન્ય રીતે આ રોગ ૦ થી ૧૪ વર્ષ સુધીના બાળકોમાં વધુ ફેલાઇ રહયો હોઇ તેમજ, રોગ ફેલાવવાનો દર પણ ખૂબજ ઉંચો હોવા સાથે ઝડપથી ફેલાતો હોવાની જાણકારી આપી હતી ચેમ્બર ધ્વારા જનજાગૃતિ સ્વરૂપે હોર્ડિંગ, બેનર, ઈ-કાર્ડ, સોશ્યિલ મીડિયામાં મેસેજ સાથે શક્ય જણાય તો તમામ જરૂરી સંસાધનો, દવાઓ, સ્પ્રે અને સહાય પુરી પાડવા પ્રતિબધ્ધ છીએ અને સમુદાયના સહયોગથી આ પડકારને પાર પાડવા ખડે પગે તૈયાર છીએ તેવો વિશ્વાસ અપાવ્યો હતો.

જેથી ચાંદીપુરા વાયરસના સંભવિત ફેલાવાને અટકાવવા અને લોકોના સ્વાસ્થ્યની સુરક્ષા કરવામાં મદદ મળી રહેશે તેવી હૈયાધારણ પાઠવેલ.મહેશ તિર્થાણીએ આ માટે આરોગ્ય ટીમના સંપર્કમાં રહી ચેમ્બર ભવન ખાતે સતત સમીક્ષા બેઠક યોજવાની તૈયારી સાથે નિરીક્ષણ અને રિર્પોટીંગ સિસ્ટમ સ્થાપિત કરવા પર ભાર મુક્યો હતો

## ૨ ઓગસ્ટથી ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા વચ્ચે નવી ટ્રેન શરૂ

ભુજ તા.૨૪

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં ભુજ અને દિલ્લી સરાય રોહિલ્લા વચ્ચે એક નવી ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૨૦૯૮૩/૨૦૯૮૪ ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા-ભુજ સુપરફાસ્ટ દ્વિ અઠવાડિક સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન નંબર ૨૦૯૮૩ ભુજ-દિલ્લી સરાય રોહિલ્લા સુપર ફાસ્ટ એક્સપ્રેસ ૨ ઓગસ્ટ ૨૦૨૪ થી દરેક મંગળવાર અને શુક્રવારે ભુજથી ૧૭:૦૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૨:૨૦ કલાકે દિલ્લી સરાય રોહિલ્લા પહોંચશે.

આ જ રીતે ટ્રેન નંબર ૨૦૯૮૪ દિલ્લી સરાય રોહિલ્લા-ભુજ સુપરફાસ્ટ એક્સપ્રેસ ૩ ઓગસ્ટ ૨૦૨૪ થી દરેક બુધવાર અને શનિવારે દિલ્લી સરાય રોહિલ્લાથી ૧૫:૦૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૧:૩૦ કલાકે ભુજ પહોંચશે.આ ટ્રેન અંજાર, ગાંધીધામ, ભચાઉ, ભાભર, ભીલડી, પાલનપુર, આબૂરોડ, ફાલના, મારવાડ જંકશન, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, અલવર, રેવાડી, ગુડગાંવ અને દિલ્લી કેન્ટ સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે.લાંબા સમયની માંગ સંતોષાતા કચ્છને દિલ્હીને જોડતી ટ્રેન મળી છે. ટ્રેન નંબર ૨૦૯૮૩ નું બુકિંગ ૨૫ જુલાઈ, ૨૦૨૪ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદમાં યોજાયું "મડઈ જા માડૂ" પરિવારોનું સ્નેહમિલન




અમદાવાદ તા.૨૪

રામસેતુ માંડવી-કચ્છ, કર્ણાવતી ગ્રુપ, અમદાવાદ આયોજિત "મડઈ જા માડૂ" અમદાવાદ ગાંધીનગર રહેતા હોય તેવા પરિવારોનું સ્નેહમિલન તાજેતરમાં સદવિચાર પરિવાર સેટેલાઈટ અમદાવાદ ખાતે યોજાયું હતું વ્યવસ્થાપક કમિટીના ઉદય કારાણી, કિશોર શાહે સ્વાગત તેમજ પ્રસંગ પરિચયમાં સૌ પરિવારોને હૃદય પૂર્વક આવકાર્યા હતા. સાથે સાથે ભવિષ્યમાં યોજાનાર કાર્યક્રમોની સવિસ્તાર રૂપરેખા આપી હતી, પ્રારંભે કુમારીકાઓના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સંગીત વિશારદ સ્તુતિ કારાણીએ "ગણપતિ વંદના" રજૂ કરી હતી. આ પ્રસંગે કચ્છ માંડવી કે તેની આસપાસના ગામોના ૧૫૧ પરિવારો જેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે, તેઓને "માળાના મણકા" ની જેમ એક બીજામાં પરોવવા માટે વોટ્સએપ ગ્રુપની રચના અંગેની સંપૂર્ણ માહિતી નીતિન ચાવડાએ આપી હતી. સહુ વચ્ચે પારિવારિક સંબંધો સ્થાપિત થાય એ અંગે ફયુઝન હોસ્પિટલના ડો.હિમાંશુ શાહ, નેક્સસ નમકીનના હરેશ સેઘાણી, ધવલ સોની, એડ. કિર્તીભાઈ માંડલિયા, પાર્થ દવે, ભૈરવીબેન વેદ, દિનેશ માંકડ, વિપુલ કોટક, રમણીકલાલ કંદોઈ વગેરેએ પોતાના પરિવારના પરિચયની સાથે સાથે માંડવીના જુના સંસ્મરણોને તાજા કર્યા હતા, પરસ્પર સાથ સહકારની ભાવના પ્રબળ થાય એ માટે કમલભાઈ વેદએ "હાઉજી" રમત રમાડી સૌને એક થવાનો કોલ આપ્યો હતો, તો આર્થિક સહયોગ મેળવવા ડોલર કાનાણીએ દાતાઓને અપીલ કરતાં દાનની સરવાણી વહેતી થઈ હતી.

સ્નેહમિલન ના આ કાર્યક્રમનું સફળ સંચાલન વ્યવસ્થાપક કમિટીના ઈશ્વરલાલ ગણાત્રાએ જયારે આભાર વિધી શિરિષ શનિશ્ચરાએ કરી હતી. આ પ્રસંગે ભાવવિભોર થતા કુટુંબ પરિવારોના આંખમાં હર્ષના આંસુઓ વહેતા જોઈ વ્યવસ્થાપકો ની મહેનત રંગ લાવી હતી જેને કમિટીના સભ્યોએ સૌની લાગણીને વાચા આપી ભવિષ્યમાં અનેકવિધ કાર્યક્રમ યોજવાની જાહેરાત સાથે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# FILMY ગપશપ

## 'આલિયા બાસુ ગાયબ હૈ' નો ફર્સ્ટ લુક આવ્યો સામે !




મુંબઈ, તા.૨૪


છેલ્લાં બે વર્ષોમાં, રોમેન્ટિક ડ્રામા અને એક્શનથી ભરપૂર ફિલ્મોએ સ્ક્રીન પર પ્રભુત્વ જમાવ્યું છે, જેના કારણે થ્રિલરના ચાહકો વધુ રોમાંચક અનુભવો શોધી રહ્યા છે. એવું લાગે છે કે તેમની રાહ આખરે પૂરી થઈ ગઈ છે. આજે, રિહેબ પિક્ચર્સે 'આલિયા બાસુ ગાયબ હૈ'નું ફર્સ્ટ લુક પોસ્ટર રિલીઝ કરીને ચાહકોને ખુશ કર્યા. વિનય પાઠક, રાયમા સેન અને સલીમ દીવાન જેવા મહાન કલાકારોને ચમકાવતી આ ફિલ્મ ભારતીય સિનેમાની સૌથી વધુ ટ્વિસ્ટેડ અને મનોરંજક થ્રિલર બનવા જઈ રહી છે, જે ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ રિલીઝ થશે.હવે ઉપલબ્ધ ફર્સ્ટ લૂક પોસ્ટર મુખ્ય કલાકારોને બતાવે છે અને ખામીયુક્ત પાત્રો અને તેમની સ્વાર્થી ઈચ્છાઓ પર આધારિત રોમાંચક રોમાંચકનું વચન આપે છે. ત્વરિત ધ્યાન ખેંચતા, પોસ્ટરે બહુપ્રતિક્ષિત ફિલ્મ માટે સંપૂર્ણ સ્ટેજ સેટ કર્યું છે, જેનું ટ્રેલર ટૂંક સમયમાં રિલીઝ થવાનું છે. નિર્માતા ડૉ. સત્તાર દીવાન તેમની ઉત્તેજના શેર કરતાં કહે છે, "એક નિર્માતા અને ફિલ્મ નિર્માતા તરીકે મારો એકમાત્ર ઉદ્દેશ્ય દર્શકોનું મનોરંજન કરવાનો છે.

## શું બાલિકા વધુની અભિનેત્રી "આનંદી"એ કરી લીધા લગ્ન !

મુંબઈ, તા.૨૪


તમને બધાને કલર્સ ટીવીની ફેમસ સિરિયલ 'બાલિકા વધૂ' તો યાદ જ હશે. આ શોની લીડ કેરેક્ટર છોટી આનંદી એટલે કે અવિકા ગૌર આજે પણ લોકો તેને યાદ કરી વખાણ કરતા થાકતા નથી. અવિકા લાંબા સમયથી આ સીરિયલનો ભાગ રહી. આ પછી તે 'સસુરાલ સિમર કા'માં રોલીના રોલમાં જોવા મળી હતી. હિટ શો કરી ચુકેલી અવિકાએ લગ્નને લઈને હાલ મોટો ખુલાસો કર્યો છે. તાજેતરમાં અવિકા ભારતી સિંહ અને હર્ષ લિમ્બાચીયાના પોડકાસ્ટમાં જોવા મળી હતી, જ્યાં અભિનેત્રીએ તેના અંગત જીવન વિશે ખુલીને વાત કરી હતી. આ દરમિયાન અવિકાએ એક ચોંકાવનારો ખુલાસા કર્યા હતા, જેના વિશે સાંભળીને ભારતી અને હર્ષ પણ ચોંકી ગયા હતા. હકીકતમાં, પોડકાસ્ટ શોમાં, જ્યારે ભારતી સિંહે અવિકાને લવ લાઈફ પર સવાલ કર્યો ત્યારે અવિકાએ મિલિંદ ચંદવાની સાથેના તેના સંબંધો વિશે ખુલાસો કરી દીધો.

## હાર્દિક પંડ્યાથી છુટાછેડા બાદ નતાશાની કરી રહી છે મૂવ ઓન !




મુંબઈ, તા.૨૪


ક્રિકેટર હાર્દિક પંડ્યા અને તેની પત્ની મોડલ અભિનેત્રી નતાશા સ્ટેનકોવિકે છૂટાછેડાના સમાચાર આપીને ચાહકોના ચોંકાવી દીધા છે. આ પછી સોશિયલ મીડિયા યુઝર્સ પ્રતિક્રિયા આપતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન, છૂટા છેડાની જાહેરાત પછી, અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વિડિઓ અને એક ફોટો શેર કર્યો છે.શેર કરેલા વીડિયોમાં તે મૂવઓન કરતી જોવા મળી રહી છે. તે માટે તે જીમમાં તો પુત્ર અગસ્ત્ય પાંડે સાથે ટાઈમ સ્પેન્ટ કરતી જોવા મળે છે. તમને જણાવી દઈએ કે, આ દિવસોમાં નતાશા તેના હોમટાઉન સર્બિયામાં છે. જ્યાં તે સોશિયલ મીડિયા પર ઝલક બતાવતી જોવા મળે છે.નતાશાએ ઈન્સ્ટા સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેનો પુત્ર અગસ્ત્ય પંડ્યા બોલ સાથે રમતા જોવા મળી રહ્યો છે. જ્યારે બીજા ફોટોમાં તે પોતાના હાથમાં તરબૂચ પકડેલી જોવા મળી રહી છે. જોકે, ઈન્સ્ટાગ્રામની બંને સ્ટોરીમાં તેનો ચહેરો દેખાતો નથી.આ સિવાય અભિનેત્રીએ પોતાનો એક ફોટો પણ શેર કર્યો છે, જેમાં તે જીમમાં મિરર સેલ્ફી લેતી જોવા મળી રહી છે.



ફિલ્મ અભિનેત્રી મેઘા શુક્લાએ લેટેસ્ટ તસવીરો ઈન્સ્ટાગ્રામ પર આવતાની સાથે જ લોકપ્રિય થઈ ગઈ હતી.મેઘા શુક્લા અવારનવાર પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. અભિનેત્રી મેઘા શુક્લા સાડીમાં કિલર તસવીરો ક્લિક કરાવી છે. જેમાં અભિનેત્રી ખૂબ જ બોલ્ડ દેખાતી હતી.



હાલમાં જ નોરા ફતેહીએ એથનિક લુકમાં પોતાની સુંદર તસવીરો દર્શકો સાથે શેર કરી છે.આ પહેલા પણ નોરા ફતેહી એકથી એક ચડિયાતા ફોટોશૂટ ફેન્સ સાથે શેર કરી ચુકી છે.નોરા સોશિયલ મીડિયા પર તેના દરેક લુકના અપડેટ્સ શેર કરીને તેની સુંદરતા બતાવતી જોવા મળે છે.



હાલમાં જ એક્ટ્રેસ અવનીત કૌર ની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. અવનીત કૌને તેની હોટ તસવીરો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે.આ તસવીરોમાં તેણે વ્હાઈટ કલરનો શોર્ટ આઉટફિટ પહેર્યો છે.



ભોજપુરી ઈન્ડસ્ટ્રીની અભિનેત્રીઓ આજના સમયમાં ઝડપથી વાયરલ થઈ રહી છે. આ અભિનેત્રીઓમાં નેહા મલિકનો પણ સમાવેશ થાય છે ભોજપુરી અભિનેત્રી નેહા મલિકની બોલ્ડ તસવીરો અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થતી રહે છે.

## 'સરફિરા' બાદ હવે અક્ષય કુમારની વધુ એક ફિલ્મનો લુક આવ્યો સામે

મુંબઈ, તા.૨૪

અક્ષય કુમાર આ વર્ષની શરૂઆતથી જ બે ફિલ્મો દર્શકો માટે લાવ્યા છે. આ વર્ષે રીલિઝ થયેલી તેની બંને ફિલ્મો ફ્લોપ સાબિત થઈ ગઈ હતી. 'બડે મિયાં છોટે મિયાં'ની નિષ્ફળતા બાદ રિલીઝ થયેલી 'સરફિરા'ને પણ બોક્સ ઓફિસ પર ભારે નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે.દમદાર સ્ટોરી હોવા છતાં લોકો આ ફિલ્મ જોવા નથી આવી રહ્યા. સતત ૯ ફ્લોપ ફિલ્મો આપ્યા બાદ હવે અક્ષય કુમાર વધુ એક નવી ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મમાં તેની સાથે અન્ય ઘણા કલાકારો પણ જોવા મળશે. તાજેતરમાં જ ફિલ્મ 'ખેલ ખેલ મેં'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે, જે એક રોમાંચક, રોલરકોસ્ટર રાઈડ તરફ નિર્દેશ કરે છે. આમાં, તમને રમૂજ, રસપ્રદ વાર્તાલાપ અને ઘણું બધું જોવા મળશે.અક્ષય કુમારે આ ફિલ્મના મોશન પોસ્ટરની ઝલક આપતી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી છે. તેના કેપ્શનમાં, અભિનેતાએ લખ્યું, 'યારો વાલા ખેલપયારી વાલા પિક્ચર !' બેન્ડ બાજાના માહોલમાંપબેન્ડ બજાને વાલી પિક્ચર ! વર્ષના સૌથી મોટા



કૌટુંબિક મનોરંજન કરનારને કહો 'હેલો' કહો ! ખેલ ખેલ મેં ૧૫ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. અક્ષય સિવાય ફિલ્મની બાકીની કાસ્ટ આ મોશન પોસ્ટમાં જોવા મળે છે. અક્ષય કુમારનો લુક પણ સામે આવ્યો છે, જેમાં તેણે આ ફિલ્મ માટે ગ્રે હેર લુક પહેર્યો છે. અને મૌન જાળવવા માટે પોતાના હોઠ તરફ ઈશારો કરી રહ્યા છે.

## ગુરુચરણ સિંહે જણાવ્યું કે કેવી રીતે ગાયબ થઈને તેમના દિવસો પસાર કર્યા

મુંબઈ, તા.૨૪

ગુરુચરણ લગભગ ૨૫ દિવસથી ગુમ હતા અને તેમના કોઈ સમાચાર નહોતા. હવે એક નવી વાતચીતમાં ગુરુચરણે જણાવ્યું છે કે તે બધું છોડીને ક્યાં ગાયબ થઈ ગયા અને તેની પાછળનું કારણ શું હતું. તેણે એ પણ જણાવ્યું છે કે તે ગુમ થયેલા દિવસો દરમિયાન તેની શું સ્થિતિ હતી અને તે કેવી રીતે બચી રહ્યો હતો. એક ઈન્ટરવ્યુમાં ગુરુચરણ સિંહે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે તેમના ગુમ થવા પાછળનું સાચું કારણ શું હતું. તેણે કહ્યું કે તે તેના નજીકના લોકો દ્વારા ખૂબ જ દુ:ખી થઈ રહ્યો હતો, તેથી બધાએ તેને છોડી દીધો. ગુરુચરણે કહ્યું, 'એવો સમય આવે છે જ્યારે તમે તમારી જાતને પરિવાર અને દુનિયાથી અલગ કરો છો. કામ શોધવાનો પ્રયત્ન કરવા છતાં, હું મારા નજીકના લોકો દ્વારા ખૂબ જ દુ:ખી થયો. મને સતત રિજેક્શન મળી રહ્યા હતા. આટલું બધું હોવા છતાં, મારા મનમાં એવો વિચાર હતો કે ગમે તે થાય, હું આત્મહત્યા વિશે વિચારીશ નહીં. ગુરુચરણે સ્પષ્ટતા કરી કે તે દેવાના કારણે અથવા તેને ચૂકવવામાં સક્ષમ ન હોવાને કારણે અદૃશ્ય થયો નથી. તેણે કહ્યું, 'હું અદૃશ્ય થયો નથી



કારણ કે હું લોન ચૂકવી શક્યો નથી અથવા કરી શક્યો નથી. મારા પર હજુ પણ દેવું છે. અને ઉધાર લીધા પછી, હું હજી પણ ક્રેડિટ કાર્ડ અને ઈર્ઁ ચૂકવી રહ્યો છું. મને ચૂકવણી કરવામાં આવી રહી છે. ઈરાદા સારા છે. ઘર છોડી ગયેલા ગુરુચરણે ઘણા મુશ્કેલ દિવસો જોયા. પિંકવિલા સાથે વાત કરતાં ગુરુચરણે જણાવ્યું કે તે રેલવે પ્લેટફોર્મ અને બસ સ્ટોપ પર રાત વિતાવતો હતો.

## કેટરિના વિકીના ઘરે યોજાયેલી પાટીનું મેનુ નક્કી કરે છે

મુંબઈ, તા.૨૪

તૃપ્તિની ફૂડ વિશેની વિશેષતા વિશે જણાવતાં નેહાએ કહ્યું કે, 'ફૂડમાં તેની પસંદગી ખૂબ જ રસપ્રદ છે. જ્યારે અમે સિમલામાં શૂટિંગ કરતા હતા ત્યારે તૃપ્તિ રસપ્રદ જગ્યાઓ શોધતી હતી. તે મને કહેતી કે શ્રેષ્ઠ મોમોસવાળી આંટી ક્યાં બેસે છે અને હું કારમાં ત્યાં પહોંચતો. હાલમાં જ રીલિઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરીની કેમેસ્ટ્રી જોઈને દર્શકોના દિલો દીવાના થઈ રહ્યા છે. આ બંને કલાકારોએ ફિલ્મ માટે તેમના શરીર પર કેટલું વિશેષ ધ્યાન આપ્યું છે, જેઓ સ્ક્રીન પર એક સાથે અદ્ભુત દેખાઈ રહ્યા છે, તે 'જાનમ' ગીતમાં જ દેખાય છે. પરંતુ નેહા ધૂપિયાના મતે, વિકી અને તૃપ્તિ વચ્ચે 'બિગ ફૂડી' પસંદ કરવી ખૂબ મુશ્કેલ છે. 'બેડ ન્યૂઝ' એ વાસ્તવિક જીવનના મિત્રો નેહા ધૂપિયા, વિકી કૌશલ અને કરણ જોહરને ફરી એકવાર સાથે કામ કરવાની તક આપી છે. ફિલ્મમાં નેહાનો રોલ ઘણો નાનો છે, પરંતુ તેણે હવે કહ્યું છે કે તેણે ફિલ્મના સેટ પર ખૂબ જ મસ્તી કરી હતી. વાત કરતી વખતે નેહાએ જણાવ્યું કે તેણે સેટ પર વિક્કી સાથે ઘણો સમય વિતાવ્યો પરંતુ કરણ ઓછો આવ્યો કારણ કે તે ફિલ્મનો નિર્માતા હતો અને નિર્દેશકો સાથે તેમના કામમાં દખલ કરવા માંગતો ન હતો. પરંતુ ફિલ્મના સેટ પર લોકોએ એકસાથે ઘણું બધું ખાધું હતું. નેહાએ કહ્યું, 'દરેક માઈલ એક સમારોહ હતો. જો તમે સેટ પર સૌથી મોટા ખાણીપીણી પસંદ કરો છો, તો વિકી અને તૃપ્તિ ખૂબ જ નજીક રહેશે.

# SPORTS કોર્નર

## ગંભીર અને કોહલી બંને ખૂબ જ જુસ્સાદાર છે: નહેરા

મુંબઈ,તા.૨૪

પૂર્વ ભારતીય ફાસ્ટ બોલર ગૌતમ ગંભીરે દાવો કર્યો છે કે તેને વિરાટ કોહલી અને ગૌતમ ગંભીર વચ્ચે કોઈ સમસ્યા દેખાતી નથી. ગંભીર શ્રીલંકા પ્રવાસથી મુખ્ય કોચ તરીકેનો કાર્યકાળ શરૂ કરશે અને કોહલી પણ આ સમયગાળા દરમિયાન વનડે ટીમનો ભાગ હશે. ગયા વર્ષે આઈપીએલ દરમિયાન ગંભીર અને કોહલી વચ્ચે મેદાન પર દલીલ થઈ હતી, પરંતુ આ સિઝનમાં બંને વચ્ચે સારો તાલમેલ જોવા મળ્યો હતો અને તેઓ એકબીજા સાથે સારી રીતે મળી ગયા હતા. ગંભીરે શ્રીલંકા પ્રવાસ પર જતા પહેલા કોહલી સાથેના તેના સંબંધો વિશે વાત કરી હતી અને નેહરાનું માનવું છે કે ડ્રેસિંગ રૂમની અંદર બંને વચ્ચે કોઈ મતભેદ નહીં હોય. નેહરાએ કહ્યું કે ગંભીર અને કોહલી બંને ખૂબ જ જુસ્સાદાર છે અને જ્યારે તેઓ ડ્રેસિંગ રૂમમાં હશે ત્યારે ટીમ માટે એક થઈ જશે. નેહરાએ એક સ્પોર્ટ્સ ચેનલને જણાવ્યું કે, કોહલી અને ગંભીર બંને ઉત્સાહી લોકો છે. બંને જ્યારે પણ ટીમ માટે રમ્યા છે ત્યારે તેમણે વિરોધી ટીમને પરેશાન કર્યા છે. જ્યારે તેઓ ડ્રેસિંગ રૂમમાં એકસાથે હશે, ત્યારે તેઓ એક થઈને ટીમ માટે એક થઈ જશે. કોહલી પાસે ૧૬-૧૭ વર્ષનો અનુભવ છે અને ગંભીર પણ ઘણો અનુભવી છે. લોકો યાદ રાખે છે કે બહાર શું થઈ રહ્યું છે, તે માત્ર કોહલી અને ગંભીરની વાત નથી. એવા ઘણા ખેલાડીઓ છે જેઓ ભૂતકાળમાં મેદાન પર એકબીજા સાથે ટકરાયા છે, પરંતુ જ્યારે તેઓ ટીમ માટે એકસાથે રમે છે ત્યારે તેઓ ખેલાડી, કોચ કે સિનિયર ખેલાડી તરીકે સારી રીતે રમે છે.

નેહરાએ એમ પણ કહ્યું કે ગંભીર હંમેશા સ્પષ્ટ હોય છે અને માત્ર તેના મનની વાત સાંભળે છે. તેમણે કહ્યું, શ્રી નિખાલસ અને પારદર્શક છે જે સારું છે. તે પોતાના મનની વાત સાંભળે છે જે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હા, હું સંમત છું કે દરેક વ્યક્તિની કોચિંગની પોતાની અલગ શૈલી હોય છે. મને કોહલી અને ગંભીર વચ્ચે કોઈ સમસ્યા દેખાતી નથી, ખાસ કરીને બંનેની કારકિર્દીના પ્રકારને જોતાં.

## પીસીબીએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતને મનાવવાની જવાબદારી આઈસીસી પર છોડી

ઈસ્લામાબાદ,તા.૨૪

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ એ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ને મનાવવાનું કાર્ય આઈસીસી પર છોડી દીધું છે. વાસ્તવમાં એવું માનવામાં આવે છે કે સુરક્ષા કારણોસર બીસીસીઆઇ ભારતીય ખેલાડીઓને પાકિસ્તાન નહીં મોકલે. જો કે હજુ સુધી બોર્ડ દ્વારા આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

અહેવાલો અનુસાર, ચેમ્પિયન્સ ટ્રોફીના બજેટને કોલંબોમાં તાજેતરની આઈસીસી વાર્ષિક બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ શેડ્યૂલ અને ફોર્મેટ પર ચર્ચા કરવામાં આવી ન હતી. આ ટૂર્નામેન્ટ આવતા વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં યોજાશે. "પીસીબીએ હવે ચેમ્પિયન્સ ટ્રોફીના યજમાન તરીકે તેની પાસેથી જે અપેક્ષા હતી તે કર્યું છે. તેણે સ્પર્ધાનું ડ્રાફ્ટ શેડ્યૂલ અને ફોર્મેટ સબમિટ કર્યું છે અને સ્પર્ધા માટેનું બજેટ પણ સબમિટ કર્યું છે," પીસીબીના એક સૂત્રએ જણાવ્યું હતું.

તેણે કહ્યું, "તે હવે આઈસીસી પર નિર્ભર છે કે તેઓ ચેમ્પિયન્સ ટ્રોફીના શેડ્યૂલને કેટલી ઝડપથી પ્રસારિત કરે છે, ચર્ચા કરે છે અને તેને અંતિમ સ્વરૂપ આપે છે. પીસીબીએ સેમિફાઈનલ (જો ભારત ક્વોલિફાય થાય છે) સહિતની તમામ ભારતની મેચો લાહોરમાં યોજવાનું સૂચન કર્યું છે અને તેમાં સામેલ છે. અંતિમ." આઈસીસીની બેઠક સિવાય, પીસીબીના વડા મોહસીન નકવીએ બીસીસીઆઈના સચિવ જય શાહ અથવા બીસીસીઆઈના અન્ય કોઈ અધિકારી સાથે કોઈ ઔપચારિક મીટિંગ કરી ન હતી પરંતુ મીટિંગ દરમિયાન નકવી અને શાહ વચ્ચેની વાતચીત સૌહાર્દપૂર્ણ રહી હતી.

બીસીસીઆઈએ હંમેશા એવું જાળવ્યું છે કે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવું એ સંપૂર્ણપણે સરકારનો નિર્ણય છે અને પીસીબી દ્વારા યજમાન ૨૦૨૩ વનડે એશિયા કપમાં પણ ભારતે તેની તમામ મેચો શ્રીલંકામાં હાઈબ્રિડ મોડલ પર રમી હતી. પીસીબી દ્વારા ચેમ્પિયન્સ ટ્રોફીને લઈને રજૂ કરાયેલા ડ્રાફ્ટ મુજબ, સંભવિત સેમિફાઈનલ અને ફાઈનલ સહિત ભારતની તમામ મેચ લાહોરમાં જ નક્કી કરવામાં આવી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧ માર્ચે મેચ રમાનાર છે.

## ૨૪ વર્ષનો યુવા ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ ક્યાં ગયો...

નવી દિલ્હી, તા.૨૪

ભારતીય ક્રિકેટ ટીમ આ દિવસોમાં જબરદસ્ત ફોર્મમાં છે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ટીમે જૂનમાં જ્ ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યો હતો. આ પછી, શુભમન ગીલની કેપ્ટન્સીમાં ભારતીય ટીમે ઝિમ્બાબ્વેને તેના ઘરે ૫ મેચની્ ૨૦ શ્રેણીમાં ૪-૧થી હરાવ્યું. હવે ભારતીય ટીમ શ્રીલંકા પ્રવાસ પર છે, જેના માટે ટીમની પણ જાહેરાત કરવામાં આવી છે.પરંતુ આ બધાની વચ્ચે એક સવાલ ઉભો થાય છે, જે ઓપનર પૃથ્વી શૉને લઈને છે. એક સમયે કેટલાક ચાહકો અને દિગ્ગજ ખેલાડીઓએ આ સ્ટાર ખેલાડીની તુલના માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર અને વીરેન્દ્ર સેહવાગ સાથે પણ કરી હતી. પરંતુ હવે આ ૨૪ વર્ષનો યુવા સ્ટાર ક્યાંક ગુમ થઈ ગયો છે.પૃથ્વી શોએ ખૂબ જ નાની ઉંમરે સફળતા મેળવી હતી. વર્ષ ૨૦૧૩માં તેણે મુંબઈમાં એક ક્લબ મેચમાં ૫૦૦થી વધુ રનની ઈનિંગ રમી હતી. ત્યારબાદ તેના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાએ અંડર-૧૯ વર્લ્ડ કપ જીત્યો હતો. તે ટીમ ઈન્ડિયામાં પણ આવ્યો, પરંતુ સતત અંદર અને બહાર જતો રહ્યો.પરંતુ હવે એવું લાગી રહ્યું છે કે પૃથ્વી શો ભારતીય ટીમમાંથી કાયમ માટે બહાર છે. તેણે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ૨૫ જુલાઈ ૨૦૨૧ના રોજ રમી હતી. આ તેની ટી૨૦ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂ મેચ પણ હતી. આનો અર્થ એ થયો કે તેની્ ૨૦ ઈન્ટરનેશનલ ડેબ્યૂ મેચ રમ્યા બાદ પૃથ્વી શૉને કોઈપણ ફોર્મેટ માટે ટીમમાં જગ્યા મળી નથી.શ્રીલંકા સામે રમાયેલી આ ડેબ્યૂ ટી૨૦ મેચમાં પૃથ્વી શો પોતાનું ખાતું પણ ખોલી શક્યો ન હતો. તે પહેલા જ બોલ પર ગોલ્ડન ડક સાથે આઉટ થયો હતો. હવે ફરી એકવાર ભારતીય ટીમ શ્રીલંકા પ્રવાસ પર છે, ત્યારે પૃથ્વી શૉની ગેરહાજરીની વાત સામે આવી છે.પૃથ્વી શૉએ વેસ્ટ ઈન્ડિઝ સામે રાજકોટ ટેસ્ટમાં ડેબ્યૂ કર્યું હતું.

## એથ્લેટ્સ ઓલિમ્પિકમાં મેડલ કેમ ડંખે છે...

પેરિસ, તા.૨૪

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪ આ અઠવાડિયે ૨૬મી જુલાઈથી શરૂ થશે. આ ગેમ્સ ૧૧મી ઓગસ્ટ સુધી ચાલશે. આ વખતે ઓલિમ્પિકમાં ભારતના ૧૧૭ ખેલાડીઓ ભાગ લેશે. તેમની પાસેથી રેકોર્ડ મેડલ જીતવાની આશા છે. પણ અહીં આપણે થોડી અલગ વાત કરવા જઈ રહ્યા છીએ. આ મેડલ જીત્યા પછી એથ્લેટને કરડવાની વાત છે.ઓલિમ્પિક્સ હોય, કોમનવેલ્થ હોય કે એશિયન ગેમ્સ... ચાહકોએ પોડિયમ પર ઊભા રહીને મેડલ કાપતા ખેલાડીઓની તસવીરો ઘણીવાર જોઈ છે. હવે સવાલ એ છે કે જ્યારે કોઈ એથ્લેટ કોઈ પણ મોટી ટુર્નામેન્ટમાં મેડલ જીતે છે ત્યારે તે પ ોડિયમ પર ઉભા રહીને શા માટે ડંખ મારે છે? આ એક નિયમ છે કે પરંપ રા? ચાહકો હંમેશા આ પ્રશ્નને લઈને મૂંઝવણમાં રહે છે અને તેનો જવાબ જાણવા ઉત્સુક હોય છે.

પરંતુ જ્યારે આપણે આ પ્રશ્નને ધ્યાનમાં રાખીએ છીએ અને ઈતિહાસકારો ના શબ્દો પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, ત્યારે મામલો અલગ દેખાય છે. ઈતિહાસ અનુસાર, પ્રાચીન સમયમાં કિંમતી ધાતુનો ઉપયોગ ચલણ તરીકે થતો હતો. તે સમયે વેપારીઓ સોનાના સિક્કાની સત્યતા ચકાસવા માટે કાપતા હતા. કારણ કે સોનું એ નરમ ધાતુ છે અને તે ઓછા દબાણથી ફૂટે છે. જો તે કરડે છે, તો તે તેના નિશાન છોડી દે છે.પરંતુ તમારા દાંત વડે ચંદ્રકને કરડવાનો અર્થ એ નથી કે તેની શુદ્ધતાનું પરીક્ષણ કરવું. ખેલાડીઓ વિશે આવું કહેવું યોગ્ય નથી. તમને જણાવી દઈએ કે ૧૯૧૨ પહેલા શુદ્ધ સોનાના મેડલ આપવામાં આવતા હતા.

પરંતુ આ પછી ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી એ શુદ્ધ ગોલ્ડ મેડલ આપવાનું બંધ કરી દીધું હતું. પરંતુ એવું નથી કે મેડલને દાંત વડે કરડવાથી તેણે આવું કર્યું છે.એવું પણ કહેવાય છે કે ૧૯૧૨ પહેલા પણ એથ્લેટ્સ મેડલને દાંત વડે કરડતા હતા. પછી તેઓ સોનાની શુદ્ધતા માટે તે કરતા હતા. પરંતુ આ પરંપરા ૧૯૧૨ પછી પણ ચાલુ છે. જોકે હવે મેડલને દાંત કાપવા પાછળ ગૌણ ખ્યાલ માનવામાં આવે છે.

એવું કહેવાય છે કે આ કરીને એથ્લેટ તેની સ્પર્ધામાં તેની મહેનત, સ્પર્ધા અને ઉત્સાહ દર્શાવે છે.આ સિવાય ઓલિમ્પિકની વેબસાઈટ પર એથ્લેટ્સ તેમના મેડલને કેમ ડંખ મારે છે તેની માહિતી પણ આપવામાં આવી છે.

ન્યૂઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

ન્યૂઝ ફોર કચ્છ દૈનિક
THURSDAY 25-07-2024

# શિક્ષણ છોડી ચૂકેલા ગરીબ વિદ્યાર્થીઓને પગભર કરતી સંસ્થા જીએચસીએલ ફાઉન્ડેશન

**કચ્છ જિલ્લામાં વિસ્તરણ કરવાની યોજનાની સાથે ગ્રામ્ય વિસ્તારમાં આજીવિકા અને મહિલાઓ માટે રોજગારી પેદા કરવામાં મદદરૂપ થતી સંસ્થાએ નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે**



ભુજ તા.૨૪

ગ્રામ્ય વિસ્તારોમાં આજીવિકાને વધારવાના અને રોજગારીમાં સ્ત્રીઓને સમાન તક પૂરી પાડીને સ્ત્રી સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યની સાથે જીએચસીએલ ફાઉન્ડેશનની વૉ-કેશનલ સ્કિલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ (વીટીઆઈ)એ ગુજરાતમાં નોંધપાત્ર પ્રગતિ સાધી છે. છેલ્લાં બે વર્ષમાં વીટીઆઈએ ૨,૩૪૯ લોકોને તાલીમ આપીને લગભગ ૮૫ ટકાનો પ્લેસમેન્ટ દર હાંસલ કર્યો છે, જેમાંથી ૨,૦૪૬ ઉમેદવારોને વિવિધ ઉદ્યોગોમાં નોકરી પ્રાપ્ત થઈ છે. ગુજરાતના ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાઓમાં આવેલા સૂત્રાપાડા, જાફરાબાદ, કાજ-વેલણ, તલાલા, મોટા લાજા અને પોર્ટ વિક્ટરમાં આવેલી આ વીટીઆઈ ગુજરાતના ગામોમાં યુવાનોને રોજગાર પ્રાપ્ત કરવાની સંભાવનાઓ વધારવામાં મદદરૂપ થાય એવી તાલીમ પૂરી પાડે છે. કચ્છ જિલ્લામાં વિસ્તરણ કરવાની યોજનાની સાથે આ સંસ્થાઓ ગ્રામ્ય વિસ્તારમાં વસતા વધુને વધુ યુવાનોનું સશક્તિકરણ કરવામાં મદદરૂપ થશે. નાણાકીય વર્ષ ૨૦૨૪માં જીએચસીએલ ફાઉન્ડેશનની વીટીઆઈમાં લગભગ ૧૫૯૦ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી, જે સંખ્યા ગત વર્ષની સરખામણીએ લગભગ બમણી છે, વીટીઆઈના અભ્યાસક્રમમાં ૭૦ ટકા પ્રેક્ટિકલ,૧૫ ટકા થીયરી અને૧૫ ટકા સોફ્ટ સ્કિલ્સનો સમાવેશ થાય છે. છાત્રો નોકરી મેળવવા માટે સજ્જ થઈ શકે તેની ખાતરી કરવા માટે આઅભ્યાસક્રમને ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવ્યો છે. જીએચસીએલ ફાઉન્ડેશનની વીટીઆઈના છાત્રોને બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ કંપનીઓમાં ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ્સ, સીવણ મશીનના ઓપરેટર, જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ તથા ફિટિંગ અને ફેબ્રિકેશનના કામોમાં નોકરી પ્રાપ્ત થઈ છે, જેઓ દર મહિને સરેરાશ રૂ. ૯૮૧૬ થી રૂ. ૧૬,૧૭૬ની વચ્ચે પગાર કમાય છે, આમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓ તેમની નોકરીમાં ટકી રહે છે, ટકી નહીં રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી છે. રસપ્રદ વાત તો એ છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૪ અને નાણાકીય વર્ષ ૨૦૨૩ માં તાલીમ પ્રાપ્ત કરનારા કુલ વિદ્યાર્થીઓમાં ૧,૫૪૯ સ્ત્રીઓનો સમાવેશ થાય છે, જેમાંથી ૧,૩૩૨ ને નોકરી મળી ગઈ છે, વીટીઆઈમાં દાખલ થનારા મોટાભાગના ટ્રેનીઓ આર્થિક રીતે નબળા પરિવારો માંથી આવે છે. તેમના વાલીઓ મોટાભાગે ખેતમજૂરી અને માછીમારીના વ્યવસાયમાં સંકળાયેલા હોય છે. ઘણાં ટ્રેનીઓ તેમના પરિવારની ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે મુખ્ય પ્રવાહનું શિક્ષણ છોડી ચૂક્યાં હોય છે. વળી, સ્ત્રીઓએ તો જૂનવાણી પારિવારીક માનસિકતા જેવા વધારાના પડકારોનો સામનો કરવો પડતો હોય છે, જે મુજબ તેમને ઘરની બહાર નીકળવા કે કામે જવાની મંજૂરી આપવામાં આવતી નથી. વીટીઆઈ ખાસ કરીને આ ક્ષેત્રોમાં કામ કરે છે. વાલીઓ, યુવાનો અને સમુદાયને યોગ્ય રીતે સમજાવીને તેમણે ઘણી સ્ત્રીઓ અને છોકરીઓને વીટીઆઈમાં દાખલ કરાવ્યાં છે, જેથી કરીને તેઓ કૌશલ્યની તાલીમ અને નોકરીની તકો પ્રાપ્ત કરી શકે, જીએચસીએલ ફાઉન્ડેશનના ચેરપર્સન એન.એન.રાડિયાએ જણાવ્યું હતું કે, અમારું ફૉકસ સિદી સમુદાય સહિત અમે જે વિસ્તારોમાં કામ કરી રહ્યાં છીએ તેમાં ગામડાંના યુવાનોના જીવનમાં પરિવર્તન લાવવા અને તેમનું સશક્તિકરણ કરવા પર છે.કૌશલ્યવર્ધન અને સ્થાયી આજીવિકાના વિકલ્પો પૂરાં પાડીને અમે આ ક્ષેત્રમાં વસતાં લોકોનો સામાજિક આર્થિક વિકાસ કરવા માટે કટિબદ્ધ છીએ, અભિલાષી યુવતીઓને સપોર્ટ કરી અને જાગૃતિ વધારીને અમે તેઓ વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ કરી શકે તેવો સહાયક માહોલ સર્જી રહ્યાં છીએ. જીએચસીએલ ફાઉન્ડેશન સિદી સમુદાયનું સશક્તિકરણ કરવાની દિશામાં પણ કામ કરી રહ્યું છે, ૩૦ મહિલાઓ સહિત ૩૪ સિદી યુવાનો કૌશલ્યવર્ધનના અભ્યાસક્રમોમાં જોડાયાં છે. તલાલાના માધુપુર ગામના ઉઝાલાબાનુ મજગુલ હવે મોરબીમાં આવેલી વેલ કેર હોસ્પિટલમાં જીડીએ - આસિસ્ટન્ટ તરીકે કામ કરી રહી છે અને દર મહિને રૂ. ૧૨,૦૦૦ નો પગાર કમાઈ રહી છે. ઉઝાલાબાનુ સિદી સમુદાયમાંથી આવે છે અને તેના પરિવારમાં ૪ સભ્યો છે. તેના પિતા સીઝનલ ચીજોનો એક નાનકડો સ્ટોર ચલાવે છે. ઉઝાલાબાનુ જણાવે છે કે, 'અમારા સમાજમાં શિક્ષણનું સ્તર ખૂબ નીચું છે. આજે શિક્ષણ અને કૌશલ્ય વગર કશું જ નથી.

જીએચસીએલ ફાઉન્ડેશને મને માર્ગદર્શન આપવાની સાથે સાથે મારા માટે વિકાસનો માર્ગ મોકળો કરી આપ્યો. હવે હું મારા સમાજની મારા જેવી અન્ય છોકરીઓને પણ તૈયાર કરી રહી છું. તલાલાના જ અન્ય એક નિવાસી ફૈઝાન રમઝાન મજગુલ કચ્છમાં અદાણી સોલરમાં ઓપરેટર તરીકે કામ કરે છે, તે દર મહિને ૧૮,૦૦૦ રૂપિયા પગાર મેળવે છે, ફૈઝાનના પિતા પોલીસ વિભાગમાં છે અને તેમનું સપનું પોતાના દિકરાની સફળતાને જોવાનું છે. ફૈઝાન જણાવે છે કે, 'આજે હું અદાણી જેવી એક પ્રતિષ્ઠિત કંપનીમાં કામ કરી રહ્યો છું અને મારા પિતાને મારા પર ગર્વ છે, મારી આ સફળતા વીટીઆઈ તલાલાને આભારી છે.'

## સંક્ષિપ્ત સમાચાર

### નાનાઅંગીયા: ભૂલકાઓને ચાલો રમીએ હોડી હોડી કાવ્ય જીવંત રીતે શીખવ્યું



આણંદપર(યક્ષ)તા.૨૩

નાના ભૂલકાઓએ, ચાલોને રમીએ હોડી હોડી, હકીકતે વરસાદી પાણીમાં હોડી હંકારી ભૂલકાંઓની સાથે વર્ગ શિક્ષક પણ બાળક બનીને વિદ્યાર્થીઓ સાથે ઝૂમી ઊઠ્યા હતા.

શાળાકીય શૈક્ષણિક પ્રવૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ કાગળની હોડી સાથે રમત રમવા અને કાગળની હોડી પાણીમાં કઈ રીતે તરે છે તે પ્રત્યક્ષ રીતે જ્ઞાન આપવા નાના અંગિયા પ્રાથમિક શાળાના ધોરણ ચાર અને પાંચના વિદ્યાર્થીઓએ વરસાદના વિસામા બાદ શાળા પ્રાંગણની એકદમ નજીક આવેલ સલામત જગ્યાએ શૈક્ષણિક મુલાકાત લઈને ચાલોને રમીએ હોડી હોડી પ્રવૃતિ કરી હતી.

પાઠ્ય પુસ્તકમાં આવતું કાવ્ય "ચાલો ને રમીએ હોડી હોડી "ને હકીકતમાં જીવંત રીતે વિધાર્થીઓ પાઠ ભણ્યા હતા, શાળાના મદદનીશ શિક્ષક વિશાલ જોશીએ વિધાર્થીઓને આસપાસનું પર્યાવરણ, વરસાદનું મહત્વ આવા બાળ કાવ્યો અને રમતોની સમજ આપી હતી, તેમણે જણાવ્યું હતું કે, આ રીત કાવ્ય, અભિનય ગીત વિદ્યાથીઓને શીખવવું એ મારું સ્વપ્ન હતું જે આજે સાકાર થયું.

### કારગીલ વિજય દિવસ' ની ૨૫મી વર્ષગાંઠે 'રંગ દે વીર' ઈવેન્ટનું આયોજન

કલા, સાહિત્ય , શિક્ષણ સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા ચલાવતા 'સમન્વય' ગ્રુપ દ્વારા 'કારગીલ વિજય દિવસ' ની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે ૧૨ વર્ષ સુધીના કચ્છના વિદ્યાર્થીઓ તેમજ પ્રાથમિક - માધ્યમિક શિક્ષકો માટે ઓનલાઇન 'રંગ દે વિર ' ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં બાળકો 'કારગિલ વિજય' અનુરૂપ ચિત્ર બનાવશે તેમજ શિક્ષકો રાષ્ટ્રને સમર્પિત જેવાકે ,મહાપુરુષોના ચિત્રો, કારગિલને લગતા ચિત્રો કે અન્ય રાષ્ટ્રને લગતાં ચિત્રો બનાવશે. આ સ્પર્ધા કારગિલ દિવસ (૨૬ જુલાઈ ૨૦૨૪) થી શરૂ કરીને સ્વતંત્રતા દિવસ (૧૫ ઓગસ્ટ ૨૦૨૪) સુધી ચાલુ રહેશે. ૧૨ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ એ ધૈર્ય છાયા, વોટ્સઅપ નંબર: ૯૯૯૮૧૫૪૧૩૨ તેમજ મમતા જોશી : વોટ્સઅપ નંબર:૯૭૨૭૫૧૯૧૭૩ પર ચિત્રો મોકલવાના રહેશે 'ઓલ કચ્છ ઓપન ઓનલાઈન પેઈન્ટિંગ કોમ્પિટિશન' માટે કોઈ ફી નથી. દરેકે ચિત્ર લેન્ડસ્કેપમાં બનાવવાનું રહેશે. ચિત્ર મોકલવાની છેલ્લી તારીખ ૧૫/૦૮ છે વિદ્યાર્થીઓની કેટેગરીમાંથી ૨૫ ચિત્રો પસંદ કરવામાં આવશે જયારે શિક્ષક કેટેગરીમાં ૧૫ ચિત્રો પસંદ કરવામાં આવશે. પસંદ કરાયલા સ્પર્ધકોને ઈ- સર્ટિફિકેટ આપવામાં આવશે.

આ ઈવેન્ટમાં ગ્રુપ કોર્ડીનેટર તરીકે ઈવા સોની, કલ્યાણ ગઢવી,મોહન જોશી સેવા આપી રહ્યા છે.

### ગાંધીધામમાં જાહેર ગુણાનુવાદ સભા સમૂહ આયંબિલ યોજાશે

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ગાંધીધામના આંગણે કચ્છ વાગડ દેશોદ્ધારક પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી જીતવિજય દાદા ની ૧૦૧મી સ્વર્ગરોહણ પુણ્યતિથિ ભક્તિભાવ પૂર્વક ગાંધીધામમાં તા. ૨૬-૦૭ ને શુક્રવારના ભક્તિ ભાવપૂર્વક ઉજવાશે.પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અનંતયશ સૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય પંન્યાશ પ્રવર શ્રી અનંતજ્ઞાન વિજયજી મહારાજ સાહેબ તથા પરમ પૂજ્ય સાધ્વીશ્રી ચિત્રગુણાશ્રીજી મહારાજ સાહેબ આદીઠાણાની પાવન નિશ્રામાં તા. ૨૬-૦૭ ને શુક્રવારના સવારના ૯:૦૦ કલાકે જાહેર ગુણાનુંવાદ સભા યોજાશે તથા સમૂહ આયંબિલ તપની આરાધના નું પણ આયોજન શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી કરવામાં આવેલ હોવાનું માંડવી તપગચ્છ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી તેમજ મીડિયા કન્વીનર દિનેશ મણીલાલ શાહે જણાવ્યું હતું.

### નિરોણા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લઈ પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું




ભુજ તા.૨૪

બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ હેઠળ ચાલતી સ્ટાન્ડર્ડ ક્લબ દ્વારા સારસ્વતમ્ સંચાલિત પુંજાભાઈ આણંદજી હાઈ સ્કૂલ, નિરોણાના છાત્રોમાં ટેકનિકલ જ્ઞાન વિકસે, ઈન્ડસ્ટ્રીની કામગીરીથી પરિચિત થાય એ હેતુથી માન ઈન્ડસ્ટ્રીઝ, (અંજાર)ની મુલાકાત લેવામાં આવેલ હતી. જેમાં શાળાના ૨૦ છાત્રો જોડાયા હતા, આ મુલાકાતનું આયોજન BIS દ્વારા કરવામાં આવેલ હતું, પ્રથમ માન ઈન્ડસ્ટ્રીઝ, HR ડિપાર્ટમેન્ટ ના હેડ રાજેન્દ્રસિંહ ઝાલા દ્વારા સ્ટાન્ડર્ડ ક્લબ ઓફિસર કિશન પટેલ, શિક્ષક રમેશ ડાભી તેમજ તમામ છાત્રોનું મોમેન્ટો દ્વારા ઉષ્માભેર સ્વાગત કર્યું હતું, બાદ સુપ રવાઈઝર હિરેન જરૂ દ્વારા વિડીયો મારફતે છાત્રોને કંપની વિષયક માહિતીની સાથે સાથે કંપનીની મુલાકાત દરમિયાન રાખવામાં આવતી સાવચેતી અંગે માર્ગદર્શન અપાયું હતું, સચિન અગ્રવાલ દ્વારા વિદ્યાર્થીઓને કંપનીના પ્લાન્ટની પ્રત્યક્ષ મુલાકાત કરાવી તેમને કંપની દ્વારા બનાવવામાં આવતા પાઈપ વિશે સમજ આપી, છાત્રોને આગના પ્રકારો અને તેને બુઝવવા માટે ઉપયોગમાં લેવાતા અગ્નિશામકનો પ્રત્યક્ષ ઉપયોગ કરી નિદર્શન દ્વારા શીખવવામાં આવ્યું હતું. BIS ઓફિસર પ્રિન્સ અવિનાશ દ્વારા મુલાકાત લેનાર તમામ શિક્ષકો અને છાત્રો માટે અલ્પાહાર તેમજ ભોજનની વ્યવસ્થા કરાઈ હતી, તમામ વિદ્યાર્થીઓને માન ઈન્ડ. દ્વારા મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા હતા, આયોજન શાળાના આચાર્ય ડૉ.વી.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.

## ભૂગર્ભ જળ રીચાર્જ આજના સમયની તાતી જરૂરિયાત : ચેમ્બરની પહેલ




**વરસાદી પાણીના સંગ્રહની જન જાગૃતિ વધારવાની ગાંધીધામ ચેમ્બરની પહેલને મળ્યો આવકાર**

ગાંધીધામ તા.૨૪

કચ્છની અગ્રણી વ્યાપાર ઉદ્યોગ સંસ્થા વેપાર ઉદ્યોગના વિકાસની સાથોસાથ જનકલ્યાણ અને કોમ્યુનીટી વેલફેર માટે હંમેશા અગ્રેસર રહી છે. જેની શ્રૃંખલામાં ગાંધીધામ ચેમ્બર સેપ્ટ યુનિવર્સિટી, ગાંધીધામ નગર પાલિકા અને ગ્રામ પંચાયતોના સહયોગથી આયોજિત બે-દિવસીય જળ સંરક્ષણ મેળાનું ચેમ્બર ભવન ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, જળ સુરક્ષા, પર્યાવરણ આયોજન અને ટેક્નોલોજી ક્ષેત્રની ગુજરાતની સુવિખ્યાત સેપ્ટ યુનિવર્સિટીએ અંજાર, ગાંધીધામ વિસ્તારના કરેલા વિસ્તૃત અભ્યાસથી જાણવા મળેલ તારણ મુજબ આ બંને વિસ્તારોમાં ક્ષારનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહયું છે, તે માનવજીવન માટે યોગ્ય નથી, જેનાથી પથરી-કીડની જેવા રોગો સાથે અનેક બીમારીઓ ઉદ્દભવી રહી છે, તેના નિવારણ માટે અત્યારથી જ પ્રયત્ન નહિં કરવામાં આવે તો આવનાર પેઢી માટે મોટી સમસ્યા સર્જાઈ શકે છે, આ અંગે જનજાગૃતિનો આ કાર્યક્રમ આવનારી સમસ્યાની ગંભીરતા વિશે સર્વેની આંખ ખોલનારો બની રહેશે તથા તેના નિવારણ અર્થે લોક જાગૃતિ વધશે, તેવી આશા વ્યક્ત કરી હતી. ચેમ્બર પ્રમુખ મહેશ પુજે તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ચિંતાજનક રીતે વધતા જતા ક્ષારના કારણે હાલમાં ૧૪૦૦-૧૬૦૦ ટી.ડી.એસ ધરાવતું પાણી મળી રહ્યું છે તેના નિયંત્રણ માટે રેઈન વોટર હાર્વેસ્ટીંગ અને ભૂગર્ભ જળ રીચાર્જ આજના સમયની તાતી જરૂરિયાત છે, તે અંગે ચેમ્બરની આ પહેલનું મહત્વ સમજાવી અને જલ સંરક્ષણ મેળામાં આ વિષયના નિષ્ણાંતો ધ્વારા કરાયેલ માર્ગદર્શન અને નિદર્શન ઘરે-ઘરે પહોંચે તો જળ સુરક્ષા ઝુંબેશનો ચેમ્બરના આ પ્રયાસનો ઉદ્દેશ્ય સાર્થક થશે તેવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રીય સરપંચ એસોસીએશના ઉપપ્રમખ દેવઇબેન કાનગડે વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે તેમના ગામ નગાવલાડીયા ખાતે પંચાયત ધ્વારા બે બોર કરાવી ભૂગર્ભ જળનાં સ્તરને વધાર્યુ છે, તેઓએ જળ સંગ્રહના નિષ્ણાંતોની ટીમ બનાવી પાણી સંગ્રહના મહત્વને ગ્રામીણ વિસ્તારનાં લોકોને સલાહ આપવા સૂચન કર્યુ હતુ. સેપ્ટ યુનિવર્સિટી સાથે જોડાયેલા નિષ્ણાંતો પૈકીના ડો.દિપેશ મહેતાએ ચેમ્બરની આ મહત્વના વિષય ઉપર પ્રશંસનીય પહેલની સરાહના કરતા પાણીના મહત્વ વિશે જણાવ્યું હતું કે, જો ક્દાચ ત્રીજું વિશ્વયુધ્ધ થાય, તો તે પાણી માટે થઈ શકે છે. ક્લાયમેન્ટ ચેન્જના કારણે વધતી ગરમીથી પાણીના સ્ત્રોતો સુકાઇ રહયા છે. પર્યાવરણનું સંતુલન ખોરવાઇ રહયું છે તથા અનિયમિત ચોમાસાના કારણે વરસાદી પાણી વહી ન જાય તેની તકેદારીરૂપે જળ સંરક્ષણ ક્ષેત્રે વોટર હાર્વેસ્ટીંગ અને ભૂગર્ભ જળ રીચાર્જ ઉપર વધારે ધ્યાન આપવું પડશે, આ પ્રકારના કાર્યક્રમો નગરપાલિકા પુરતા ન રહેતા ગ્રામ્ય સ્તરે અને આખા રાજયમાં થવા જોઇએ તેઓએ ભારત સરકારની અમૃત યોજના મહારાષ્ટ્ર તથા અન્ય રાજ્યોમાં ચાલી રહી છે તેવી માહિતી આપી હતી.

સેપ્ટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે નુક્કડ નાટીકા ધ્વારા યમરાજ-ચિત્રગુપ્તના પાત્રો દ્વારા પાણી વેડફાટ-વ્યયને કારણે પૃથ્વી પર મનુષ્યોની શું સ્થિતિ થઇ રહી છે અને લોકો પાણીના બગાડ વિશે કેટલી ઉદાસીનતા દાખવે છે તે અંગે ક્ટાક્ષપૂર્ણ અને અર્થસભર અભિનય ધ્વારા સચોટ સંદેશ આપ્યો હતો, કાર્યક્રર્મના સમાપનમાં ચેમ્બર ઉપપ્રમુખ દિપક પારેખે ચેમ્બરની આ પ્રેરણાદાયક પહેલને આગળ વધારી વ્યાકપણે વિસ્તારવાની જરૂર પર ભાર મુકી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. નગરપાલિકા પ્રમુખ તેજસ સેઠના હસ્તે રીબીન કાપી જળ સંરક્ષણ મેળાને જનતા માટે ખુલ્લો મુકાયો હતો, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં જળ સુરક્ષા પધ્ધતિઓ અને ઉપકરણોનું પ્રદર્શન નિહાળ્યું હતું. સમસ્ત કાર્યક્રમના સુંદર આયોજનમાં કાર્યક્રમના પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર જાગૃતિ ઠકકર અને પ્રો. સુરભિ આહિર તથા મહિલા પાંખ અને યુથ વીંગના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## કચ્છની રેલવે કનેક્ટીવીટીમાં ક્રાંતિ: ભુજ-દિલ્હી ટ્રેન સેવા બમણી થતાં વિકાસ નવો વેગ મળશે

**ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સની લાંબા સમયની માંગ કચ્છના સાંસદના સહયોગથી સફળ થતાં ઔદ્યોગિક વિકાસ અને પર્યટનને મળશે પ્રોત્સાહન**

ગાંધીધામ તા.૨૪

કચ્છ પ્રદેશે છેલ્લા બે દાયકાઓમાં નોંધપાત્ર ઔદ્યોગિક વિકાસ અને પર્યટન ક્ષેત્રે અભૂતપૂર્વ કહી શકાય તેવી પ્રગતિ સાધી છે ત્યારે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તેમની માંગ સાકાર કરવા બદલ નવી દિલ્હી સ્થિત રેલવે બોર્ડના ચેરપર્સન જયા વર્મા અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતો પત્ર પાઠવાયો હતો.ચેમ્બરપ્રમુખ મહેશ પુજે પત્રની વિગત આપતાં જણાવ્યું હતું કે, ભુજ દિલ્હી ટ્રેનની અઠવાડિયામાં બે દિવસ જવા તથા બે દિવસ આવવાની સગવડતા વધારવા સાથે તેને નિયમિત કરવામાં આવતાં ગાંધીધામ ચેમ્બરની લાંબા સમયની રજુઆતને આવકાર સાંપડતાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. આ નવા નિર્ણયથી કચ્છ અને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી વચ્ચેનું જોડાણ વધુ મજબૂત થવા સાથે કચ્છનો સામજિક, આર્થિક વિકાસ પણ વેગવાન બનશે, આ મહત્વના નિર્ણયમાં કચ્છના સાંસદ વિનોદ ચાવડાની પણ મહત્વ પૂર્ણ ભૂમિકા રહેલ છે, તેમના સતત પ્રયાસોને કારણે આ માંગ પુરી થઇ છે તેવું ઉમેરી આ નિર્ણયને તેમણે કચ્છના વિકાસ માટે મહત્વપૂર્ણ પગલું ગણાવી ચેરપર્સન જયા વર્મા પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરવા સાથે કચ્છ આવી ચેમ્બર ભવનની મુલાકાત લેવા સાથે અહિંના વિકાસને નજરે નિહાળવા આમંત્રિત કર્યા હતા. જ્યારે ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીના જણાવ્યા અનુસાર આ ટ્રેન નિયમિત થતાં વ્યાપાર અને પર્યટન ક્ષેત્રને પણ પ્રોત્સાહન મળશે, ભવિષ્યમાં પણ કચ્છના વિકાસ માટે આવા જ સકારાત્મક નિર્ણયો લેવામાં આવશે,તેવી આશા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે, કચ્છમાં કંડલા અને મુન્દ્રા જેવા મોટા બંદરો સાથે તુણા-ટેકરા કન્ટેનર ટર્મિનલ પોર્ટ પણ સ્થપાઈ રહ્યું છે, વિશેષ આર્થિક ક્ષેત્રનો અભૂતપૂર્વ વિકાસ, ટેક્સટાઈલ, કેમિકલ્સ અને ટીમ્બર, સોલ્ટ સહિત એન્જીનીયરીંગ ઉદ્યોગોનું વિસ્તરણ, નાના અને મધ્યમ ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળી રહયું છે, સાથે સાથે કચ્છનો રણોત્સવ, ધોળાવીરા જેવા કચ્છના ઐતિહાસિક સ્થળો, માંડવીનો રમણીય બીચ, વગેરેને કારણે પર્યટન ક્ષેત્રે પણ રોજગાર અને વ્યવસાયિક અવસરો વધી રહ્યા છે.

આ વધેલી રેલ સુવિધા મળવાથી વ્યાપારીઓને અવર જવરમાં સરળતા સાથે શ્રમિકોને અને કર્મચારીઓને તેમજ પર્યટકોને જવા આવવાની સુગમતા વધી છે, જે પર્યટકોને આકર્ષવામાં વધારો કરશે, કચ્છના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા સાથે પ્રદેશને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ સારી રીતે જોડશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી હજુ પણ કચ્છને દેશની વિવિધ દિશાઓ સાથે જોડતી ટ્રેનો આપવા માંગ કરી હોવાનું એક અખબારી યાદીમાં ચેમ્બરના માનદ મંત્રીશ્રી તિર્થાણીએ જણાવ્યું હતું.

## પાન્ધ્રો વિસ્તારમાં ગંદકીથી લોકો ત્રસ્ત




ભુજ તા.૨૪

લખપત તાલુકાના પાન્ધ્રો વિસ્તારના નગરોમાં લોકો ચો તરફ ફેલાયેલી ગંદકીથી હેરાન પરેશાન છે, અબોલા પશુઓ આ ગંદકીમાં રહેલા પ્લાસ્ટી તેમજ કાગળ ખાતા જોવા મળે છે. આ વિસ્તારમાં ઠેર ઠેકાણે કચરાના ઢગલા જ જોવા મળે છે, સફાઇ ન થવાના કારણે આ વિસ્તારમાં રોડ સાઈડ ચાલવું મુશ્કેલ બની ગયું છે એકતાનગર થી વર્માનગર રોડ સાઈડ ગંદકીના કારણે આવતી દુર્ગંધ, અને માખી મચ્છરથી કોઈ મોટો રોગચાળો ફાટી ન નિકળે તેની જવાબદાર તંત્ર કાળજી લઈ, ત્વરિત પગલાં ભરે તે સમય સાથે લોકોની પણ માંગ છે. જોકે આ બાબતે વારંવાર સબંધિત તંત્રને રજુઆતો કરાતી રહી છે, છતાં કોઈ કાર્યવાહી થતી નથી. આ મેઈન રોડ પર અનેક મહાનુભાવો, નેતાઓ પસાર થતા હોય છે પરંતુ તેમને આ ગંદકી દેખાતી નથી, આ વિસ્તારમાં દર વર્ષે સફાઇ અભિયાન અંતર્ગત સરકારી કાર્યક્રમો, અને વિશ્વ પર્યાવરણ દિવસની ધામધૂમથી ઉજવણી જી.એમ.ડી.સી. તેમજ જી.એસ.સી.એલ.પાનધ્રો તથા પાનધ્રો ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવે છે, જેમાં માત્ર ને માત્ર ફોટાસેશન કરીને સંતોષ માની લેવાતો હોય છે, કોઈ વાસ્તવિક પરિણામ લક્ષી કાર્ય થતું જોવા મળતું નથી તેવું લખપત ગૌરક્ષક દળના અધ્યક્ષ મોન્ટી ગઢવીએ જણાવી રોગચાળો ફાટી નિકળે તે પહેલાં તંત્ર જાગે અને ગંદકીના સામ્રાજ્યમાંથી મુક્તિ અપાવે તેવી માંગ કરી છે.

## કચ્છના સરકારી વિભાગોમાં વ્યવહાર વિના આમ પ્રજાનાં કામો થતાં નથી

**કોંગ્રેસ જિલ્લા મંત્રીનો આક્ષેપ: તાત્કાલિક તપાસ કરાવી ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ પગલાં ભરવા માંગ**

ભુજ તા.૨૪


કચ્છ જીલ્લાના તમામ સરકારી વિભાગોમાં નાણાંકીય વહીવટ કર્યા વગર કોઈ પણ કામ આગળ વધતું નથી, એવો આક્ષેપ કરી કચ્છ જિલ્લા કોંગ્રેસ મંત્રીએ કલેક્ટરને પત્ર પાઠવી તત્કાલિક ભષ્ટાચાર પર નિયંત્રણ લાવવા માંગ કરી છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિના એડવોકેટ મંત્રી દિનેશ માતાએ સીધો આક્ષેપ કરતા પત્રમાં જણાવ્યું હતું કે,હાલમાં દરેક વિભાગના કર્મચારીઓને પગાર ઉપરાંત ટેબલ નીચેની આવક ફરજીયાત થઈ ગઈ હોય તેવું જણાઈ રહયું છે. આ કારણે ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો ધક્કા ઉપર ધક્કા ખાઈ અને છેવટે નાણાંકીય વ્યવહાર કરી પોતાનું કામ કરાવવા મજબુર બન્યા છે. આ બાબતે તમામ સરકારી કચેરીઓમાં યોગ્ય તપાસ કરાવી અને ભ્રષ્ટ અધિકારી, કર્મચારીઓ ઉપર લગામ લગાવવા અપીલ કરી છે, તેમણે આ પત્રની નકલ રાજયના મુખ્યમંત્રી, મહેસુલ મંત્રી, લાંચ રૂશ્વત બ્યુરો અધિકારી, અંજાર ધારાસભ્યને પણ પાઠવી છે.

સરકારી તંત્રમાં નીચેથી છેક ઉપર સુધી 'અંડર ટેબલ' વ્યવહાર કે ઉચ્ચ સ્તરીય ભલામણ વિના સામાન્ય કામો પણ નથી થતા તેવી રાવ આમ પ્રજાની પણ છે, પરંતુ વરસોથી ચાલી આવતી આ 'બિન અધિકૃત' વ્યવહાર પદ્ધતિ પર કોઈ નિયંત્રણ લાદી શક્યું નથી, જુના લોકો યાદ કરતા જણાવે છે કે, કટોકટી કાળમાં સરકારી તંત્રમાં આકરા પગલાંના ભયથી થોડો સમય ફટાફટ કામ થવા લાગ્યા હતા !

## સાયકોલોજી ક્ષેત્રમાં એવોર્ડ મેળવતા અમદાવાદના મહિલા

**પ્રિયંકા મહેતાને પાવરફુલ 'બિઝનેસ વુમન્સ એન્ટરપ્રિન્યોર એવોર્ડ-૨૦૨૪' એનાયત થયો**




અમદાવાદ તા.૨૪

લગ્ન બાદ અનેક મહિલાઓ પોતાની કારકિર્દીને નવી ઉડાન આપવાનું માંડી વાળે છે, અને પોતાના સપનાઓને ફક્ત સપના જ બનાવી રાખે છે, પરંતુ અમદાવાદના પ્રિયંકા મહેતાએ કઈક અલગ ચિલો ચાતર્યો છે.

પ્રિયંકા મહેતા અમદાવાદના જાણીતા સાયકોલોજીસ્ટ છે, છેલ્લા ૬ વર્ષથી તેઓ સાયકોલોજીસ્ટ તરીકે સેવા આપી દર્દીઓને માનસિક તણાવ અને અન્ય માનસિક સમસ્યાઓથી મુક્ત કરી રહ્યાં છે, તેઓને મનોવિજ્ઞાનમાં ઉમદા સેવા બદલ પાવરફુલ બિઝનેસ વુમન્સ એન્ટરપ્રિન્યોર એવોર્ડ-૨૦૨૪ એનાયત થયો છે.

સાયકોલોજીસ્ટની સાથે પ્રિયંકા મહેતા મોટિવેશનલ સ્પિકર તરીકે પણ કાર્યરત છે,તેઓ અમદાવાદના જાણીતી જીજીસી યુથ ક્લબના ફાઉન્ડ મેમ્બર્સ પૈકીના એક છે, વરિષ્ઠ પત્રકાર સુરેન્દ્ર મહેતાના પુત્રવધુ જ્યારે ટીવીનાઇન ગુજરાતી ન્યૂઝ ચેનલના સિનિયર એસોસિએટ એડીટર મૌલિક મહેતાના ધર્મપત્નિ છે. પ્રિયંકાબહેનને આ એવોર્ડ મેળવી જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે, તેમનું માનવું છે કે, સ્ત્રીએ શક્તિનું સ્વરૂપ છે. દરેક સ્ત્રીઓમાં સુષુપ્ત શક્તિઓ છુપાયેલી છે, તે શક્તિને જગાડી,યોગ્ય દિશા સાથે મહેનત કરવાથી દરેક મહિલાઓ સફળતા મેળવી શકે છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# બુધવારે વરસાદે રજા રાખી પણ...અંજારના સવાસર સહિતના તળાવો છલકાતા વધામણા

**કચ્છના માંડવી,નખત્રાણા,અબડાસામાં સારા વરસાદ બાદ અનેક તળાવો છલકાઇ જતા વધામણા કરવામાં આવી રહ્યા છે ગઇકાલે માંડવીનુ ટોપણસર તો આજે અંજારનુ ઐતિહાસીક તળાવ છલકાતા વધામણા ગામની શોભા એવા તળાવમાં વધામણાનો ગામમાં અનેરો ઉત્સાહ**










ભુજ તા.૨૪

અંજારનું ઐતિહાસિક સવાસર તળાવ ઓગની જતા તેને શાસ્ત્રોક વિધિથી વધાવાયો હતો.માધવરાય મંદિરથી પૂજારી જુગનું ભાઈ હર્ષ અને અનિરુદ્ધ હર્ષ દ્વારા ધારાસભ્ય ત્રિકમ છાંગા અને પ્રમુખ વૈભવ કોડરાણી એ માધવરાય ભગવાનની પૂજા-અર્ચના કરી હતી.ત્યારબાદ ઢોલ શરણાઈ સાથે મંદિરથી એક વિશાળ શોભાયાત્રા નીકળી હતી જે સવાસર તળાવ પર પહોંચી હતી.તળાવ મધ્યે શાસ્ત્રોક્ત વિધિ સાથે આવાહિત દેવતાઓ સહિત વરૂણ દેવતાનું પૂજન કરી મેઘલાડુ નો ભોગ ચડાવી શ્રીફળ-ચૂંદડી અર્પણ કરી મહાઆરતી કરવામાં આવી હતી વિશાલ કોલીએ તળાવમાંથી શ્રીફળ લાવવાની પરંપરા પુર્ણ કરી હતી આ પ્રસંગે સચ્ચિદાનંદ મંદિરના મહંત ત્રિકમદાસજી મહારાજ અને રામસખી મંદિરના મહંત કિર્તીદાસજી મહારાજ, સ્વામિનારાયણ મંદિરના સંતો, બગથડા મંદિરના મહંત ખીમજીદાદા માતંગ,લાલા મહારાજે ઉપસ્થિત રહી આર્શિવચન પાઠવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય ત્રિકમ છાંગા અને નગરપાલિકા પ્રમુખ વૈભવ કોડરાણીએ શહેરીજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે મેઘલાડુના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કાઉન્સિલરો સહિત શહેરના આગેવાનો અને નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમને સફળ બનાવવા માટે નગરપાલિકાના સ્ટાફે જહેમત ઉઠાવી હતી. ઐતિહાસીક તળાવ છલકાઈ જતા અંજારના શહેરના નાગરીકોનુ હૈયુ પણ છલકાયુ હતુ અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## આણંદપર(યક્ષ)ના બંન્ને તળાવો ઓગનતા વધામણા

નખત્રાણા પથકમાં સચરાચર વરસાદ વરસતા ગામોમાં આવેલા તળાવો ઓગનવા લાગ્યા છે. નખત્રાણા તાલુકાના આણંદપર(યક્ષ) ગામના બંને તળાવો પણ સારા વરસાદ બાદ ઓગન્યા હતા, જેમાં આ બંને તળાવો ઓગનતા વધામણા કરવામાં આવ્યા હતા.લક્ષ્મીનારાયણ ચોકમા ગામ લોકો એકત્ર થયા હતા,ઢોલ સાથે વાજતે ગાજતે ભજન કીર્તન કરતા પહેલાં પતરાઈ તળાવના વધામણા કરવામાં આવ્યા હતા.ત્યાં પૂજન વિધિ કરી જળ દેવતાને લાડુ અર્પણ કર્યા હતા, ત્યાંથી ગામ નજીક જ આવેલ આનંદેશ્વર મહાદેવ મંદિરને અડોઅડ આવેલ આનંદેશ્વર (કઢરાઈ) તળાવના એજ રીતે પરંપરાગત વધામણા પાટીદાર સમાજના માજી પ્રમુખ કાનજી છાભૈયા, દેવરામ છાભૈયા (ઠાસરા), શીવગણ છાભૈયા (સૌદતી-કર્ણાટક) દ્વારા કરવામાં આવ્યા હતા. શાસ્ત્રોતક વિધિ ગામના ઉમેશ મારાજે કરાવી હતી, આ પ્રસંગે ગામના માજી પ્રમુખ પચાણ છાભૈયા, હિંમત પોકાર, મહિલા મંડળના પ્રમુખ વર્ષાબેન પોકાર, મણીબેન ધોળુ, પાર્વતીબેન પોકાર, કૌશલ્યા છાભૈયા, સવિતા પોકાર તેમજ ગામ લોકો હાજર રહ્યા હતા. સારા વરસાદ બાદ કચ્છના અન્ય તળાવો પણ છલકાયા હતા જેમાં મોટી ભાડાઈ તથા વેસલસર તળાવ છલકાઈ જતા તેને પારંપરીક રીતે વધાવાયુ હતુ જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા તળાવ ગામની શોભા હોય છે ત્યારે આજે પણ તળાવો છલકાતા ગામડાઓમાં તેને વધાવવાની પરંપરા યથાવત છે.

## નખત્રાણાનુ પલીવાડ(યક્ષ)ગામનું તળાવ છલકાયુ

નખત્રાણા તાલુકાના પલીવાડ(યક્ષ) નુ પલીવાડ ગામનું શિવસાગર તળાવ ઓગની જતા પલીવાડ ગામના દરેક સમાજના લોકો લક્ષ્મી નારાયણ ચોકમાંથી વાજતે-ગાજતે તેમજ ભજન કીર્તન કરતા તળાવને વધાવવા નીકળ્યા હતા.હાલ ચારથી પાંચ વર્ષ થયા વરસાદ સારો થવાના કારણે ચોમાસામાં આ તળાવ સતત પાંચમી વખત ઓગનતા ગામલોકોમાં એક અનેરી રોનક જોવા મળી હતી.ગામના પ્રથમ નાગરીક જયા રૂડાણી દ્વારા તળાવને વધાવવામાં આવ્યું હતું.ગામના મહારાજ કાન્તી જોષી દ્વારા તળાવના વધામણાં કરવા મંત્રોચ્ચાર કર્યા હતા.તળાવના વધામણા પ્રસંગે પાટીદાર સમાજના મહિલા મંડળના પ્રમુખ નર્મદા પોકાર,મંત્રી નર્મદા રામાણી,લક્ષ્મી ભોજાણી,મધુ પોકાર,પાટીદાર સમાજના નવયુવક મંડળના પ્રમુખ ચુનીલાલભાઈ,અલી જત,પ્રવીણ ચારણ, જેઠા ચારણ,નરસિંહ લીંબાણી,ઈશ્વર કોલી,નરસિંહ કોલી, હરિ મહેશ્વરી, કિશોર મહેશ્વરી તેમજ દરેક સમાજના લોકો હાજર રહ્યા હતા. તળાવના વધામણાં કર્યા બાદ ઘરોઘર મેઘલાડુ બનાવી જમણ કર્યું હતું.

## નખત્રાણાના રવાપરમાં નવા નીરના વધામણા

અનરાધાર વરસાદને પગલે મોટા ભાગના ડેમો તેમજ તળાવો ઓગની ગયા છે. નખત્રાણા તાલુકાના રવાપર ખાતે ગામનું તળાવ તેમજ ડેમ ઓગની જતા ખુશીનો માહોલ સર્જાયો હતો બુધવારે વાજતે ગાજતે નારિયેળ નાખી તળાવ વધાવાયું હતું.રવાપર ગ્રામ પંચાયત ખાતેથી સરપંચ પરેશ રૂપારેલ તેમજ ગ્રામ પંચાયત સદસ્યો અને સમસ્ત ગ્રમજનો વાજતે ગાજતે તળાવે પહોચ્યા હતા.જયાં શાસ્ત્રોક્ત વિધિથી આરતી તેમજ પૂજન વિધિ કરવામાં આવી હતી અને પરંપરા મુજબ સરપંચના હસ્તે તળાવમાં નાળિયેર નાખી વધાવવામાં આવ્યું હતું.બાફણ રફિક ઈસ્માઈલે નાળીયેર ઝીલી બહાર કાઢ્યુ હતુ આ પ્રસંગે ગામનાં અગ્રણી તેમજ પૂર્વ ન.તા.પ.વિપક્ષી નેતા અશ્વિન રૂપારેલ,ગ્રામ પંચાયત સદસ્યો જેઠાલાલ યાદવ,અબ્દુલ ચાકી, ઓસમાણ કુંભાર,ત્રિકમ જોશી, કિર્તી સાંખલા, દિપક નાકરાણી, ફકિરમામદ થુડીયા, વિનોદ સોની, કિર્તી સોની,વિનોદ અનમ,વેલુભા ગોહિલ,હાસમ ભટ્ટી, સિધિક કુંભાર, યાસીનસા સૈયદ, મહેશ વાસાણી,વિજય મોઢ,મેહુલ ગોસ્વામી,જીવરાજ નાકરાણી,ધરમશી રંગાણી,સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને પ્રસાદનો લાભ લીધો હતો.

# લંડન વિલ્સન મંદિરનો ૪૯ મો પાટોત્સવ રંગેચંગે ઉજવાયો





**પાટોત્સવનો પ્રારંભ ઠાકોરજી ની પાલખી અને પોથી યાત્રાથી થયો હતો.કણબી મંડળી ઢોલગૃપ સહિત અનેક આકર્ષણો સાથે લંડનના રોડ પર ફરી હતી વિલસ્ડન મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થશે ત્યારે ભવ્ય સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાશે હજારોની મેદનીએ ઉત્સાહભેર ભાગ લીધો કચ્છી ભક્તો વિદેશની ધરતી ઉપર રહીને પણ માતૃભૂમિ કચ્છ અને ભુજ મંદિરને ક્યારેય પણ ભૂલ્યા નથી તેવો ભાવ મહોત્સવમાં જોવા મળ્યો હતો**

લંડન તા. ૨૧

ભુજ નરનારાયણ દેવના તાબા હેઠળના અનેક મંદિરો વિદેશની ધરતી પર આવેલા છે. એ મંદિરો પૈકી લંડનનું વિલ્સન મંદિર જગ વિખ્યાત છે. જે મંદિર ને ૪૯ વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક પાટોત્સવ ઉજવવા ભુજ મંદીરેથી પૂજ્ય મહંત સ્વામી ધર્મનંદનદાસ સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી ભુજ મંદિરના ઉપમહંત સદગુરુ પુરાણી સ્વામી ભગવતજીવનદાસ અને વડીલ સંત સદગુરુ પુરાણી સ્વામી બાલ કૃષ્ણદાસના સાંનિધ્યમાં તેમનાં મંડળ ના ૬ સંતો સહિત દસ સંતો લંડન ખાતે પહોચ્યા હતા.ઉત્સવ નો પ્રારંભ લંડનના ભક્તિ ધર્મ સેન્ટર ખાતે થી ઠાકોરજી ની પાલખી સાથે પોથી યાત્રાથી થયો હતો.લંડનના રોડ પર કચ્છી કણબી મંડળીની રમઝટ સાથે બાળકો, યુવક યુવતીઓએ ઢોલગૃપમાં જુદા જુદા વાજિંત્રો વગાડી વિદેશની ધરતી પર ભક્તિમય વાતાવરણ ઊભું કરી દીધું હતું. ગ્રંથરાજ મહોત્સવ અતર્ગત શ્રીમદ સત્સંગિજીવન શાસ્ત્રની સપ્તાહ પારાયણનુ આયોજન કરાયુ હતુ.પારાયણ દરમિયાન શાસ્ત્રી સ્વામી વિજ્ઞાન સ્વરૂપ દાસ, ડોક્ટર શાસ્ત્રી સ્વામી, શકમુનિદાસ, પુરાણી સ્વામી દેવવિહારી દાસ, તથા પુરાણી સ્વામી તીર્થમુનિ દાસ સહિતના સંતોએ વ્યાસપીઠ પર બિરાજમાન રહી કથાનું અમૃત રસપાન કરાવ્યુ હતુ .આગામી વર્ષે વિલસ્ડન મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવાશે. તે નિમિત્તે સંતોના સાનિધ્યમાં આશીર્વાદ સાથે એક વર્ષ અગાઉથી અનુષ્ઠાન, બીજમંત્ર જાપ, ફગવા પારાયણ વગેરે અનેકવિધ ધાર્મિક પ્રવૃત્તિઓનો પ્રારંભ કરાયો હતો તો ગુરુપૂર્ણિમા પણ ઉજવણી વિદેશમાં કરાઇ હતી. જેમાં યુવાનો-યુવતીઓ વડીલો હાજર થઈને સ્વામિનારાયણ બીજમંત્રનું અનુષ્ઠાનકરીને પૂજાવિધિ સાથે ઠાકોરજીનો પંચામૃત તથા અનેક પ્રકારના ઔષધીય જળ દ્વારા અભિષેક કરવામાં આવેલ સૌ ભક્તો એ અભિષેકના દર્શન તથા પંચામૃત પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

### ભક્તો-સંતોની વિશાળી હાજરીમાં લોગો અનાવરણ

હતો ૫૦ વર્ષ પહેલાં ભુજથી મહંત શાસ્ત્રી ધર્મજીવનદાસજીએ મંદિર નિર્માણ માટેનો કાગળ લખેલો.તે કાગળ સાથે પ્રેરણા બેનરનું વિમોચન કરવામાં આવ્યું હતુ તથા ૫૦ વર્ષના સમય દરમિયાન મંદિરે જે જે પ્રવૃત્તિઓ કરી તેને પ્રદર્શિત કરતું ટાઈમ લઈન બેનરનું વિમોચન કરવામાં આવ્યું હતુ ૫૦ વર્ષના ઉત્સવનું "ગોલ્ડન હાર્ટ" નામ રાખવામાં આવ્યું હતુ અને "સહજાનંદઃ સહાયતે" એવુ બળદાયક વાક્ય લખેલ લોગોનુ અનાવરણ કરાયુ હતુ આ ઉત્સવમાં ૨૧૦૦૦થી વધુ ભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં, વિશિષ્ટ રીતે તૈયાર કરેલ લોગો વિમોચન કરાયુ હતુ જેમાં ભુજ મંદિર સંચાલિત લંડનના અન્ય મંદિરો હેરો. ઈસ્ટર લંડન ,સ્ટેનમોર. બોલ્ટન, ઓલ્ડમ, કાર્ડીફ વિગેરે મંદિરના પ્રતિનિધિઓ હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ભવ્ય અભિષેક-અન્નકુટ દર્શન સાથે કથા વાર્તા તથા વડીલ સંતોએ આશીર્વાદનો લાભ લીધો હતો. સપ્તાહ પારાયણ પ્રસંગના વિરામ સાથે સૌ ભક્તોએ સમૂહમાં આરતી કરી ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. મંદિર નિર્માણ માટે કચ્છ ભુજથી મહંત સ્વામીએ આદેશ કર્યો તે પત્ર અને મંદિરમાં પધરાવવા માટે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ આપી તેનું કાયમી દર્શન તેનુ અનાવરણ કરવામાં આવ્યુ હતુ

શ્રીમદ સત્સંગી જીવન સપ્તાહ પારાયણના યજમાન કચ્છ માંડવીના મુકેશ છભાળિયા પરિવાર દ્વારા દેવોનું અને શાસ્ત્રનુ સ્થાપન પૂજન કરાયુ હતું પારાયણ અંતર્ગત ઘનશ્યામ મહારાજ નો પ્રાગટ્ય ઉત્સવ,મંદિરનો પચાસ વર્ષનો ઈતિહાસ ટાઈમ લાઈનના વિશાળ બેનર વિમોચન,સ્વામિનારાયણ ભગવાનનો ધર્મની ગાદી પર પટાભિષેકમાં યજમાન પરિવારો ઉપચારો લાવીને પૂજન નો લાભ લીધો,એ દરમ્યાન દેવશયની એકાદશી સાથે ચાતુર્માસનો પ્રારંભ થતાં ભવ્ય રીતે એકાદશી જાગરણ કરવામાં આવ્યું હતું સાથો સાથ અનેક ભક્તોએ સંતો પાસેથી વિશેષ નિયમો લીધા હતાં. ઠાકોરજી ને અલગ અલગ સુકામેવાના ભોગ અને લીલાફળના ભોગ સાથે અનેક ફળનો ભોગ અર્પણ કરીને પૂજન કરવામાં આવ્યું હતું પારાયણ અંતર્ગત અમદાવાદથી મોટા મહારાજે લાઈવ આશીર્વાદ પાઠવ્યા હતા. તો મંદિર દ્વારા અનેક પ્રવૃત્તિઓમાં ગુજરાતી શાળા, બાળ સંસ્કાર કેન્દ્ર, સત્સંગ ક્લાસ વગેરે પ્રવૃત્તિમાં ભાગ લેનાર અને સફળ થનાર બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા,મંદિરના બાલમંડળ અને યુવક મંડળના યુવાનોએ "મગનીરામ" ઉપરનું રૂપક રજૂ કર્યું હતુ. પાટોત્સવના વિરામના દીવસે એક કલાક સ્વામિનારાયણ બીજમંત્રનું અનુષ્ઠાનમાં ૨૮૦ યુવાનો યુવતીઓએ ભાગ લીધો હતો. અભિષેક દરમિયાન સૌ ભક્તોએ ફગવા પાઠ , મંત્ર જાપ અને માળા મંત્રનાં નિયમો લીધેલ. લંડનના આઠ મંદિરોના પ્રતિનિધિઓ તથા અનેક હરિભક્તો સત્સંગ દર્શન માટે પસ્થિત રહ્યા હતા

### ભવ્ય અભિષેક-અન્નકૂટ

વિલસ્ડન મંદિર ના ૪૯ મા પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીને અભિષેક બાદ ૩૬ પ્રકારના ભોજનનો અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. ઢોલ બેન્ડ અને ભગવાનના ઘોષ સાથે પારાયણ તથા ઠાકોરજીની આરતી કરી પારાયણના યજમાનો દ્વારા ઠાકોરજીના શિખર ઉપર ધજા ચડાવવામાં આવી હતી. મંદિરના ભક્તિમય દિવ્ય વાતાવરણનો સૌ ભક્તોને અનુભવ થતો હતો. ભુજથી મહંત સ્વામી સદગુરુ પુરાણી ધર્મનંદનદાસ સ્વામીએ સર્વે હરિભક્તોને લાઈવ આશીર્વાદ પાઠવ્યા હતા,સાથેઉપમંહત સ્વામી સદ્દગુરુ પુરાણીસ્વામી ભગવત જીવનદાસ તથા સદગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસ એ હેત પુર્વક આશીર્વાદ પાઠવ્યા હતા.તો ભુજ મંદીરેથી કોઠારી પાર્ષદવર્ય જાદવજીભગત, વહીવટી કાર્યવાહક સંત દેવપ્રકાશદાસ,કોઠારી સંતોમાં શાસ્ત્રી નારાયણમુનીદાસ,શાંતિસ્વરૂપદાસ,હરીભગત, મુરજીભગત એ ભવ્ય ઉત્સવ બદલ લંડનમાં ઉપસ્થિત સંતો, ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, યુવક યુવતી અને મહિલા મંડળના દરેક નાના મોટા હરીભક્તોની અથાક મહેનતને બિરદાવી હતી.




# ગાગોદર પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કરી ૫૮ હજારનો દારૂ પકડ્યો




ગાંધીધામ તા.૨૪

ગાગોદર પોલીસે પોલીસને જોઈ ગાડી ભગાડી નાશવાનો પ્રયાસ કરનાર ગાડીનો પીછો કરી ૫૮ હજારનો દારૂ પકડી પાડ્યો હતો. ગાગોદર પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો ખાનગી વાહનથી પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કોન્સ. યોગેન્દ્રસિંહ ચંદનસિંહને ખાનગી રાહે બાતમી મળેલ કે સામખીયારી તરફથી ચિત્રોડ તરફ એક ઇંગ્લીશદારૂ ભરી સ્વિફ્ટ ગાડી રજી નંબર જી.જે.-૧૨-સી.જી.૫૩૬૪ વાળી આવી રહેલ છે અને તેની આગળ એક સ્કોરર્પીઓ ગાડી રજી નંબર જી.જે.૧૨-એફ.એ. ૫૫૪૦ વાળી પાયલોટીંગ કરી રહેલ છે, બાતમી મળતાં ચિત્રોડ બ્રીજ પાસે નેશનલ હાઈવે રોડ પર મળેલ બાતમી વાળી ગાડીની વોચમા ઉભા હતા તે દરમ્યાન સામખીયારી તરફથી એક સ્કોરપીઓ ગાડી પાયલોટીંગમાં આવેલ બાદમાં સ્વિફ્ટ ગાડી આવતા તેને રોકવાનો પ્રયત્ન કરતા, ગાડી ચાલકે ગાડી રોકી નહી અને પોલીસને જોઈ પોતાની ગાડી આડેસર બાજુ ભગાડી મુકી હતી, જેથી પોલીસ સ્ટાફના માણસોએ પ્રાઈવેટ ગાડીથી સ્વીફ્ટ ગાડીનો પીછો કરેલ અને માનગઢ બ્રીજ ઉપર પહોંચતા આરોપીની સ્વીફ્ટ ગાડી પકડી પાડી હતી, બે પંચોના માણસો બોલાવી લાવી પંચો રૂબરૂ સ્વીફ્ટ ગાડીમાં તપાસ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂની કાચની બોટલો ૯૦ રૂ.૩૧,૫૦૦ તથા બીયર ટીન નંગ ૨૬૪ કિ. રૂા.૨૬,૪૦૦ મળી આવતા આરોપી અરજણ ઉર્ફે પપ્પુ બાબુ લામકા (રહે જુના આધોઈ) ની ધરપકડ કરી તેની પાસેનો એક મોબાઈલ અને સ્વીફ્ટ ગાડી રૂ.૩,૦૦,૦૦૦ એમ કુલ્લ ૩,૬૨,૯૦૦ નો મુદામાલ હસ્તગત કર્યો હતો,

આરોપી અરજણ પપ્પુ ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે, તેની સામે પ્રોહીબીશનના ગાંધીધામ પોલીસ મથકે ગુના નોંધાયેલા છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા રાજુ વજા ભરવાડ(રહે. પલાંસવા), અને ભગવાન ભરવાડ (રહે. બાલાસરી) નાશી ગયા હતા, પોલીસે ગુનો નોંધી કાનુની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી ગાગોદર પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જે. પ્રજાપતિ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# રાપર પોલીસને ઘાંચી સમાજ દ્વારા ગુનેગારોને ૨૪ કલાકમાં પકડવા અલ્ટીમેટમ



**સમાજની યુવતીએ જેમના માનસિક ત્રાસથી આત્મહત્યા કરી છે તેમની ધરપકડ નહીં થતા આવેદન પત્ર પાઠવી ઉગ્ર આંદોલનની ચીમકી આપી**

રાપર તા.૨૪

અહીંના મુસ્લીમ કુંભાર સમાજ દ્વારા રાપર પો. ઈન્સ્પેક્ટર તથા ડી.વાય.એસ.પી. ભચાઉ ને આવેદનપત્ર પાઠવી તેમના સમાજની યુવતીને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાના ગુનામાં સંડોવાયેલા બાકી રહેતા ગુનેગારોની ૨૪ કલાકમાં ધરપકડ કરવાની માંગ કરાઈ છે. આ બનાવની પત્રમાં જણાવ્યા મુજબ હક્કિત એવી છે કે, રાપર ખાતે પરિવાર સાથે રહેતી યુવતી સાથે ઈમરાન જુસબ ઘાંચીએ બળજબરી કરી બળાત્કાર કરેલ હતો, અને આ રીતે શારરીક સબંધના લીધે તેણે ગર્ભધારણ કરેલ, ઈમરાન ઘાંચીને આ અંગે જાણ થતા ગર્ભપાત કરાવવા માટે મજબુર કરેલ અને ગર્ભપાત અંગેની ટેબલેટ આપવામાં આવેલ હતી, જેના કારણે ભોગ બનનાર યુવતીને વધુ પડતો રક્તસ્ત્રાવ પણ થયેલ હતો. આ બનાવની યુવતીના પરીવારને જાણ થતા તેમના દ્વારા ઈમરાનને સમજાવવા ગયેલ પરંતુ તેના દ્વારા પરીવારને ભુંડી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી, આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખ્સો રસુલ ગગું ઘાંચી, રમજુ ગગુ ઘાંચી, જુમા ઈસ્માઈલ ઘાંચી જેમના દ્વારા યુવતીના પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો, આ ચાર લોકોના માનસિક ત્રાસને કારણે જ ગત તા.૧૯/૦૭/૨૦૨૪ ના યુવતીએ ગળે ફાંસો ખાઈને આપ ઘાત કરી લિધો હતો. જેની ફરીયાદ રાપર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલ અને પોલીસે ઈમરાન જુસબ ઘાંચીની ધરપકડ કરી છે, પરંતુ પોલીસ દ્વારા હજુ સુધી સંડોવાયેલા અન્ય ત્રણ શખ્શોની ધરપકડ કે અટકાયત કરવામાં આવેલ નથી તેવું જણાવી આ પત્રમાં ઉમેરવામાં આવ્યું હતું કે, હાલે સમાજમાં સુલેહ શાંતી જળવાઈ રહે, તેમજ આવા બનાવો ફરીથી ન બને, અને આવા લુખ્ખા તત્વો ફરી આવા કૃત્ય ન કરી શકે તે માટે અન્ય ત્રણ આરોપીઓને ૨૪ કલાકમાં ધરપકડ કરવા સમાજના સભ્યો માંગ કરાઈ છે, આ વ્યક્તિઓ સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરી અને તેમની ધરપકડ કરવામાં નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે સમાજ દ્વારા રાપર પોલીસ સ્ટેશન સ્થળ પર ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ અપાઈ હતી.